eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 389
April 03, 2015

## સાઉથ (ઉધના) ઝોન ધ્વારા મિલ્કત વેરાની વસૂલાત :–

સાઉથ (ઉધના) ઝોનના આકારણી અને વસૂલાત વિભાગે તા.૧૬/૦૩/૨૦૧૫ થી તા.૨૨/૦૩/૨૦૧૫ એમ સાત (૭) દિવસ દરમ્યાન સઘન વેરાવસૂલાત હાથ ધરેલ છે. જેમાં બાકી વેરા મિલ્કતદારોનો રૂબરૂ સંપર્ક કરી સ્થળ પર મિલ્કતવેરાની વસૂલાત કરવામાં આવી છે. તે દરમ્યાન વેરા વસૂલાત ન થતાં ૬૭ મિલ્કતોને સીલ મારવામાં આવેલ છે. તથા નળ જોડાણ ...

વધુ માટે કલીક કરો >>>>>>




## વિશ્વ ક્ષય દિન નિમીતે વિવિધ લોક જાગૃતિ કાર્યક્રમો :–

૧૮૮૨માં જયારે રોબર્ટ કોક નામના વૈજ્ઞાનિકે ટીબી માટે જવાબદાર બેકટેરીયા માઈકોબેકટેરીયમ ટયુબરકયુલોસીસની શોધ કરી ત્યારે સમગ્ર વિશ્વને ઘરપત થયેલ કે હવે ટીબીને નાથવામાં સંપૂર્ણ સફળતા મળશે. પરંતુ હજુ સુધી સંપૂર્ણ પણે ટીબી કંટ્રોલ શકય બની

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા એસ.ટી. કામદારો સાથે અનોખી રીતે વિશ્વ ક્ષય દિનની ઉજવણી–નુકકડ નાટક રજુ :–




સુરત મહાનગરપાલિકા ક્ષય વિભાગ ધ્વારા વિશ્વ ક્ષય દિનની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી જેમાં આ વખતે જે લોકોમાં ટીબી થવાની શકયતા વધુ હોય તેવા એસ.ટી. ડ્રાયવર, કંડકટર, વર્કશોપનાં કામદારો વચ્ચે જઈને ક્ષય દિન ઉજવવા નકકી કરવામાં આવ્યુ હતુ. જેમાં સુરત મહાનગરપાલિકાનાં ટીબી ઓફીસર ડો.કે.એન.શેલડીયા, બાયોકેમેસ્ટ્રી વિભાગનાં ડો. નીતા રાણા તથા ક્ષય વિભાગનાં ૯૦ જેટલા કર્મચારીઓ એસ.ટી. વર્કશોપમાં આયોજીત આ

વધુ માટે કલીક કરો >>>>>>

## તા.૨૮/૦૩/૨૦૧૫ ને શનિવાર અને તા. ૦૨/૦૪/૨૦૧૫ ને ગુરૂવાર ના રોજ સુરત મહાનગરપાલિકા સંચાલિત સલાબતપુરા અને રાંદેર કતલખાના બંધ રહેશે:–

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, સ્થાયી સમિતિના ઠરાવ નં. ૨૬૧, તા.૨૦/૦૨/૧૯૭૬ થી વિદીત થઈ, દર વર્ષની જેમ તા.૨૮/૦૩/૨૦૧૫ ને શનિવાર ના રોજ રામનવમી અને તા.૦૨/૦૪/૨૦૧૫ ને ગુરૂવાર ના રોજ મહાવીર જયંતિ નિમિત્તે સુરત મહાનગરપાલિકા સંચાલિત સલાબતપુરા અને

વધુ માટે કલીક કરો >>>>>>

## બિસ્માર મિલ્કત ઉતારી પાડવા અંગેની વિગત :–

સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રી ની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારનાં વોર્ડ નં.૧૦, નોંધ નં.૧૯૩૧ વાળી વાઘેશ્વરી માતાની પોળ, સોની ફળીયા, સુરત ખાતે આવેલ મિલ્કતમાં તા.૨૪/૦૩/૧૫ ના રોજ સાંજે ૮:૩૦ કલાકે મકાન પડી ગયા અંગે સેન્ટ્રલ ઝોન કંટ્રોલ રૂમમાં જાણ કરવામાં

વધુ માટે કલીક કરો >>>>>>

## ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા ટાઉન પ્લાનર(બી)અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૫, નોંધ નં.૧૪૧૭/૧૪ ગુંબજવાળી મસ્જીદની પાછળ વાળી મિલ્કતમાં અત્રેથી તા.૦૫/૦૬/૧૩ થી વિકાસ પરવાનગી આપવામાં આવેલ, જે અન્વયે મિલ્કતના હિત

વધુ માટે કલીક કરો >>>>>>

## બાકી મિલ્કત વેરો ભરપાઈ ન થતાં સેન્ટ્રલ ઝોનના કર્મચારીઓ ધ્વારા વેરા વસુલાતની ઘનિષ્ઠ ઝુંબેશ હાથ ધરવામાં આવી.

તા.૨૩–૩–૨૦૧૫ થી ૨૫–૩–૨ક૦૧૫ દરમ્યાન સુરત મહાનગરપાલિકા – સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ અને આસી.કમિશ્નરશ્રીની સુચના અને માર્ગદર્શન હેઠળ એસેસમેન્ટ એન્ડ રીકવરી વિભાગના કર્મચારીઓએ શહેરના ભાગાતળાવ, સીંઘીવાડ, ઘાસ્તીપુરા, નાનપુરા, સગરામપુરા, ઝાંપાબજાર, બેગમપુરા, મહિધરપુરા, રામપુરા, સ્ટેશન

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ



સુરત મહાનગરપાલિકાના જાહેર બાગબગીચા ખાતા દ્વારા તા.૨૭/૦૩/૨૦૧૫ ના રોજ વેસ્ટ ઝોન(રાંદેર) ના વિવિધ વિસ્તારમાં શાંતિકુંજ–શાંતિવનની લોકાપર્ણવિધિ માન.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાના પ્રમુખ સ્થાને શ્રીમતિ દેવિકાબેન જાદવાણી માન.અધ્યક્ષાશ્રી ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિના વરદ્હસ્તે સંપન્ન કરવામાં આવી હતી. જેમાં વિવિધ (૧) ટી.પી.સ્કીમ નં.૨૯ (રાંદેર),ફા.પ્લોટ નં.આર–૧૪,રામનગર,સરકારી વસાહત સામે શાંતિકુંજ બાગની લોકાર્પણવિધિ

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ(વરાછા)ઝોનમાં પુણા વિસ્તારમાં ડીમોલીશન અંગેની કામગીરી.

ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૬૦(પુણા) ના બ્લોક નં. ૩૯૫ પૈકી ફા.પ્લોટ નં. ૧૬૭/બી માં આવેલ વૈભવ રેસીડેન્સીના મંજુર પ્લાનના માર્જીનમાં તથા પાર્કીગની જગ્યામાં ગેરકાયદેસર રીતે બનાવેલ ગોડાઉન, વોચમેન કેબીન તથા એપાર્ટમેન્ટની ઓફીસનું આશરે ૭૦૦.૦૦ ફુટ માપ વિસ્તારમાં કરેલ બાંધકામ તેમજ આ જ ટી.પી. સ્કીમના બ્લોક ૩૯૫ પૈકી ના

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) હેઠળ આવતા સુરત કડોદરા મુખ્ય માર્ગ પર આજરોજ દબાણ ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ છે. સદર દબાણ ઝુંબેશમાં ઝોનના વડાશ્રી જે.કે.શાહ,કાર્યપાલક ઈજનેરશ્રી આર.સી.જરીવાલા,ડે.ઈજનેરશ્રીઓ શહેર વિકાસનો સ્ટાફ તથા ઝોનનો દબાણ સ્ટાફ તથા ખાનગી ઈજારદારોના બેલદારો

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ની તા.૨૬/૦૩/૧૫ થી તા.૩૧/૦૩/૧૫ ના રોજ વિક્રમ સર્જક વેરા વસુલાત. છ દિવસમાં રૂા.૧,૭૯,૫૪,૫૨૮/– થી વધુની વેરા વસુલાત.

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ના જુદા જુદા વિસ્તારમાં તા.૨૬/૦૩/૧૫ થી તા.૩૧/૦૩/૧૫ ના રોજ વેરા વસુલાત ઝુંબેશ વધુ વેગવાન બનાવામાં આવેલ છે.વેરા ભરપાઈ કરવા બાબતે અત્રેના ઝોનના સ્લમ વિસ્તાર,માર્કેટ વિસ્તારમાં તથા રેસીડેન્સ જેવા જુદા જુદા વિસ્તારોમાં આકારણી અને વસુલાત વિભાગના કર્મચારીઓ અને મહેકમ વિભાગના કર્મચારી

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસ નોટ

## સાઉથ (ઉધના) ઝોન ધ્વારા મિલકત વેરાની વસૂલાત

સાઉથ (ઉધના) ઝોનના આકારણી અને વસૂલાત વિભાગે તા.૧૬/૦૩/૨૦૧૫ થી તા.૨૨/૦૩/૨૦૧૫ એમ સાત (૭) દિવસ દરમ્યાન સઘન વેરાવસૂલાત હાથ ધરેલ છે. જેમાં બાકી વેરા મિલ્કતદારોનો રૂબરૂ સંપર્ક કરી સ્થળ પર મિલ્કતવેરાની વસૂલાત કરવામાં આવી છે. તે દરમ્યાન વેરા વસૂલાત ન થતાં ૬૭ મિલ્કતોને સીલ મારવામાં આવેલ છે. તથા નળ જોડાણ કાપી નાંખવાની ચેતવણી આપી વેરાની સખત વસૂલાત કરતાં રૂા. **૨ કરોડ ૫૦ લાખ** ની વસૂલાત કરેલ છે. સદર પ્રકારની ધનિષ્ટ વેરા વસૂલાત ઝૂંબેશ તા.૩૧/૦૩/૨૦૧૫ સુધી અવિરત પણે ચાલુ રાખવામાં આવનાર છે.

TOP

## પ્રેસનોટ સાઉથઝોન(ઉધના)

## સુરત મહાનગરપાલિકા

**તા.૨૩.૦૩.૨૦૧૫ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૩૩ ફાઈલના **રૂા.૨.૩૮ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–**૦૫ લોકેશન(ખાડા)૩૦૫.૦૦ ચો.મી.** પેચવર્કની કામગીરી કરી કુલ **૨૧.૫૬૦** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. **કુલ**–**૦૭** લોકેશન(ખાડા) **૨૭૦.૦૦ ૨.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.**કુલ**–૦૮ લોકેશન **૪૦૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., પાણીના નવા કનેકશન કુલ :**૩૦** આપવામાં આવેલ તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૫૪** છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **:૨૩૦** છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૭૭.૨૯** લાખ થયેલ છે.તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૧.૫૫** લાખ થયેલ છે.,**૧૩** EC તથા **૧૧** RC નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૩૧૭૪/–** વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે **રૂા.૩૪૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.,**૭૮** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૧** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ૩૮૦ છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ**૧૦૨** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :**૧૬૩.૩૭૦** મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ**૪૨** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ **રૂા.૪૧૦૦/–**છેતથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ :૯૩૬૦ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ**૧૯૯૭૮** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ **૨૮** છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ**૮૫૨** કરવામાં આવેલ છે. જયારે **૧૮** નોટીસ આપવામાં આવેલ છે.તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૬૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

**TOP**

## પ્રેસનોટ

## વિશ્વ ક્ષય દિન નિમીતે વિવિધ લોક જાગૃતિ કાર્યક્રમો

## મેયર શ્રી ધ્વારા કર્મચારી અધિકારીઓ ને એવોર્ડ




૧૮૮૨માં જયારે રોબર્ટ કોક નામના વૈજ્ઞાનિકે ટીબી માટે જવાબદાર બેકટેરીયા માઈકોબેકટેરીયમ ટયુબરકયુલોસીસની શોધ કરી ત્યારે સમગ્ર વિશ્વને ઘરપત થયેલ કે હવે ટીબીને નાથવામાં સંપૂર્ણ સફળતા મળશે. પરંતુ હજુ સુધી સંપૂર્ણ પણે ટીબી કંટ્રોલ શકય બની શકેલ નથી. તથા તાજેતરનાં વર્ષોમાં એચઆઈવીનાં ચેપનાં લીધે વિકસીત દેશોમાં પણ તેનો પ્રસાર થવાથી વિશ્વ આરોગ્ય સંસ્થા તેને ગ્લોબલ ઈમરજન્સી તરીકે જાહેર કરી વિવિધ પગલા લઈ રહી છે. વિશ્વ આરોગ્ય સંસ્થા ધ્વારા ટીબી નાથવા અંગે સચોટ સારવાર પધ્ધતિ " ડોટસ " ની ભલામણ તથા અમલ કરવામાં આવી રહેલ છે. જેના ખૂબ જ સારા પરિણામો પણ મળી રહયા છે. હજુ પણ ભારતમાં આશ ૨.૭૦ લાખ લોકો ટીબીના કારણે મુત્યુ પામે છે. ભારત ભરમાં તમામ રાજયમાં " ડોટસ" કાર્યક્રમો અમલમાં છે તથા ગુજરાત સદર કાર્યક્રમમાં પ્રથમ હરોળનુ રાજય ગણાય છે. ભારતભરમાં સને ૨૦૧૪માં ડોટસ સારવાર હેઠળ આવરી લીધેલ ટીબીના દર્દીઓ ૨૩,૬૯,૫૧૫, ગુજરાતમાં ૭૭,૩૯૬ તથા સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં કુલ ૬૧૪૮ હતા. હજુ પણ અંદાજીત ૩૦% જેટલા દર્દીઓ પ્રાઈવેટ પ્રેકટીશનરો ધ્વારા સારવાર લે છે.

વિવિધ ટીબી યુનીટ / ઝોનનાં વિસ્તાર વાઈઝ દર્દીઓ નીચે મુજબ છે.

| ટીબી યુનીટનું નામ તથા વિસ્તાર | સ્પુટમ એકઝામીનેશન | ટોટલ ટીબી કેસ |
|---|---|---|
| હીરાબાગ– વરાછા, મોટા વરાછા, ફુલપાડા | 7486 | 611 |
| બીપી – સેન્ટ્રલ ઝોન | 4566 | 549 |
| રાંદેર – રાંદેર , અડાજણ અને સિંગણપોર | 3341 | 527 |
| કતારગામ – કતારગામ , અમરોલી, કોસાડ, ઉતરાણ | 4449 | 774 |
| ઉધના – ઉધના , અઠવા, અલથાણ, પનાસ, ઉમરા , ડુમમ્સ | 3815 | 607 |
| લિંબાયત – લિંબાયત, આંજણા, ઉમરવાડા | 3237 | 578 |
| કરંજ – કરંજ, પુણાગામ, સીમાડા | 3362 | 831 |
| પાંડેસરા– પાંડેસરા, ઉન, ભેસ્તાન , વડોદ | 3699 | 814 |
| નજાગામ ડીંડોલી – નવાગામ, ડીંડોલી, ગોડાદરા , નવાનગર | 3869 | 854 |
| કુલ – | **37824** | **6148** |

ભારતભરમાં " ડોટસ" પ્રોગ્રામની અસરથી ટીબીનું પ્રમાણ ઘટી રહયું છે.

સુરત ખાતે ઈન્ડીયન મેડીકલ એસોસીયેશન તથા ફેમીલી ફીઝીશ્યન એસોસીયેશન પણ સદર કાર્યક્રમમાં સક્રીય ફાળો આપી રહેલ છે. સુરતમાં ગુજરાતભરમાં સૌથી વધુ પ્રાઈવેટ પ્રેકટીશનરો ૧૩૯૯ થી વધુ સદર પ્રોગ્રામમાં સામેલ છે. વિશ્વની શ્રેષ્ઠ સારવાર પધ્ધતિ " ડોટસ" ધ્વારા ખૂબ શ્રેષ્ઠ પરીણામો મળવાને લીધે દર્દીઓની સંખ્યા વધુને વધુ આ સારવાર તરફ થઈ

રહેલ છે. હજુ પણ કોઈ પણ દર્દીને ટીબી જણાયતો " ડોટસ" સારવાર લેવા ભલામણ કરવામાં આવે છે. સુરત મહાનગરપાલિકા વિસ્તારના તમામ શહેરી આરોગ્ય કેન્દ્ર, સ્મીમેર,મસ્કતી હોસ્પિટલ તથા સ્વૈચ્છિક સંસ્થા , પ્રાઈવેટ ડોકટરને ત્યાંથી પણ "ડોટસ" સારવાર વિનામૂલ્યે ઉપલબ્ધ છે. જેનો લાભ લેવા જણાવવામાં આવે છે.

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં મલ્ટી ડ્રગ રેજીસ્ટન્ટ ટીબી અંગેની " ડોટસ પ્લસ" સારવાર પણ વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. સને ૨૦૧૪ માં કુલ–૧૫૫ દર્દીઓ આ સારવાર લઈ રહયા છે. સદર સારવારનો ખર્ચ દર્દી દીઠ અઢી લાખ રૂપિયા જેટલો હોય છે. પરંતુ તે વિનામૂલ્ય આપવામાં આવે છે.

પ્રાઈવેટ પ્રેકટીશનરો ધ્વારા ટીબી દર્દી અંગેનું નોટીફીકેશન હવે ફરજીયાત કરવામાં આવેલ છે જેમાં ૨૦૧૪ માં ૧૭૮૩ જેટલા ટીબીનાં દર્દીઓનુ નોટીફીકેશન કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ગાંધી સ્મૃતિ ભવન ખાતે મુખ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ, જેમાં ડોકટરો, લેબોરેટરી ટેકનીશ્યનો તથા કાઉન્સેલર ધ્વારા લોક જાગૃતિ અનુરૂપ વિવિધ પોસ્ટર કોમ્પીટીશન પણ યોજવામાં આવેલ જેમાં શ્રેષ્ઠ પોસ્ટરોને ઈનામ આપવામાં આવેલ.

મા.મેયર ધ્વારા આખા વર્ષ દરમ્યાન ક્ષય નિયંત્રણ કામગીરીને બિરદાવી હતી તેમજ સીટી ટીબી ઓફીસર ડો.કે.એન.શેલડીયા ધ્વારા ટીબી કાર્યક્રમની માહિતી આપી જણાવેલ કે વર્ષ દરમ્યાન શ્રેષ્ઠ કામગીરી સુરત મહાનગપાલિકામાં થઈ રહેલ છે જેની નોંધ ધ્વારા વર્લ્ડ બેંક, કેન્દ્રસરકાર તથા રાજય સરકારની વિવિધ ટીમો ધ્વારા સરાહના પામેલ તેમજ દરેક વર્ષે એવોર્ડ પણ મેળવે છે.

મા.મેયરશ્રી ધ્વારા વર્ષ દરમ્યાન શેષ્ઠ કામગીરી કરનાર અધિકારીઓ, કર્મચારીઓ ઉપરાંત પ્રાઈવેટ પ્રેકટીશનર, સ્વૈચ્છિક સંસ્થાઓ, આંગણવાડી કાર્યકરોને એવોર્ડ એનાયત કરી બિરદાવવામાં આવ્યા હતા.

કાર્યક્રમનું આકર્ષણ ટીબી હેલ્થ વર્કરો ધ્વારા નુકકડ નાટક રજુ કરી ખૂબ વધારવામાં આવેલ હતુ. જે નાટક પ્રસંગને અનુરૂપ શ્રેષ્ઠ શિક્ષણ રૂપ હતુ.

હજુ પણ ૨૪ મી માર્ચનાં રોજ વિવિધ કાર્યક્રમ યોજાનાર છે.

**TOP**

## પ્રેસનોટ

## નોર્થઝોન (કતારગામ) સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૦/૦૩/૨૦૧૫ થી તા.૨૨/૦૩/૨૦૧૫ સુધી કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૮૧૧ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૧૯૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૭,૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૧૦૮ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૪૪૭૯ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૭૩૯ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૫૭ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૪૩ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૨,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા સુમુલ ડેરી રોડ, વસ્તાદેવડી રોડ, કતારગામ દરવાજાથી બાળાશ્રમ, કુબેરનગર, પારસ સોસાયટી, ફુલપાડા નવી/જુની જી.આઈ.ડી.સી., ડભોલી, સિંગણપોર, વેડરોડ પંડોળ ઈન્ડ.વિ., ડભોલી સિંગણપોર રોડ બાપાસીતારામ ચોક, મગનનગર, વેડરોડથી પ્રાણનાથ, વિજયનગર, પ્રભુનગર, અખંડ આનંદ સ્કુલની સામેનો વિસ્તાર ત્રિલોકનગર, મીનાનગર, લક્ષ્મીકાંત આશ્રમ રોડ, ગજેર રોડની સોસાયટી, કોસાડ, ઈ.ડબલ્યુ.એસ. આવાસ કોસાડ વિગેરે વિસ્તારમાંથી કુલ ૯૪૯ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૩૬,૭૨,૫૯૫/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે તથા ૬૮ મિલ્કતોને ઈ.ડબલ્યુ.એસ. આવાસ કોસાડ ખાતે સીલ મારવામાં આવેલ છે જેની સ્થળ ઉપર રૂા.૧,૮૮,૩૫૦/– ની વસુલાત કરવામાં આવેલ છે, ૦૪ મિલ્કત કુબેરનગર, વેડ દરવાજા ખાતે સીલ મારવામાં આવેલ છે. જેની સ્થળ ઉપર ૧,૦૨,૬૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે, ૦૩ મિલ્કતોને સિંગણપોર, કતારગામ ખાતે સીલ મારવામાં આવેલ છે. જેની સ્થળ ઉપર ૧,૦૫,૦૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે. આમ, કુલ ૭૫ મિલ્કતોને સીલ મારતા સ્થળ ઉપર કુલ રૂા.૩,૯૫,૯૫૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૭૧ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૩૪ એન્ટ્રીમાં રૂા.૮૪,૪૫૦/– અને આર.સી.ની. ૩૭ એન્ટ્રીમાં રૂા.૩,૬૦,૧૩૨/– મળી કુલ રૂા.૪,૪૪,૫૮૨/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૪ એન્ટ્રીમાં રૂા.૧૦૦/–, રીન્યુઅલની ૨૪ એન્ટ્રીમાં રૂા.૧૨૭૦/– અને દંડની રકમની ૦૭ એન્ટ્રીમાં રૂા.૧,૩૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૩૮ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૧૦ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૫ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

શહેર વિકાસ ખાતા દ્વારા આઈ.સી.ના નાણાં પેટે ફાયનલ ટી.પી. (વ્યાજ સહિત)ના રૂા.૮૧૯/– ની વસુલાત કરવામાં આવેલ.

ઈમ્પેકટ ફી પેટે ૮૯ ફાઈલોના રૂા.૧૮,૧૧,૧૧૬/– ની વસુલાત કરવામાં આવેલ.

જમીન મિલ્કત વિભાગ દ્વારા EWS આવાસ વસુલાત રૂા.૧,૪૮,૦૬૨/–, મંડપ ચાર્જના રૂા.૭૨/–, દબાણ ચાર્જના રૂા.૬,૩૩૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૩૦,૪૦૦/– મળી કુલ રૂા.૧,૮૪,૮૬૪/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા ધ્વારા ૨૩ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા જાહેર આરોગ્ય વિભાગ

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા સાત ઝોન વિસ્તારની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અલગ–અલગ સાત એજન્સીઓને સોંપવામાં આવેલ છે. મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અને ''સ્વચ્છ ભારત અભિયાન'' અંતગર્ત શહેરની સ્વચ્છતા–સફાઈની ગુણવત્તા હજી વધારે સુધારી શકાય તે માટે સવારની શીફટ દરમ્યાન શહેરનાં રહેણાંક વિસ્તારોમાં, જયારે સાંજના સમયે કોમર્શીયલ વિસ્તારોમાં કરાવવામાં આવતી ડોર ટુ ડોર ગાર્બેજ કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે હેતુસર વિવિધ એજન્સીઓ દ્વારા તા.૧૬/૦૩/૨૦૧૫ થી તા.૨૨/૦૩/૨૦૧૫ દરમિયાન કરવામાં આવેલ આ કામગીરીનું ઘનિષ્ઠ ચેકીંગ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન આ કામગીરીમાં આચરવામાં આવેલ વિવિધ અનિયમિતતા જેવી કે, (૧) જે–તે રૂટના તમામ રહેણાંક અને કોમર્શીયલ યુનિટો કવર કરવામાં આવેલ ન હોઈ, (૨) જે–તે રૂટની કામગીરી નિર્ધારિત સમયે શરૂ કરવામાં આવેલ ન હોઈ, (૩) બ્રેક–ડાઉન થયેલ વાહનના બદલામાં અન્ય વાહન નિયત સમયમાં ફાળવેલ ન હોઈ, (૪) વાહન દીઠ ૦૨ સ્વચ્છતા મિત્રો ફાળવેલ ન હોઈ, (૫) નિયત રૂટને બદલે અન્ય રૂટ પરથી ગાર્બેજનું એકત્રિકરણ કરવામાં આવતું હોઈ અથવા ગાર્બેજ સિવાયનું અન્ય મટીરીયલ્સ એકત્રિત કરવામાં આવતું હોઈ, (૬) કચરો અલગ કરી, કોળથા/બેગ/થેલામાં એકત્રિત કરી, કોળથા/બેગ/થેલા વાહન ઉપર લટકાવવામાં આવેલ હોઈ, (૭) કામગીરીમાં રોકાયેલ એજન્સી તમામ કર્મચારીઓ દ્વારા યુનીફોર્મ કે સેફટીના સાધનો (માસ્ક, ગમબુટ, ગ્લોઝ વિ.) પહેરલ ન હોઈ અથવા આઈ કાર્ડ રાખવામાં આવેલ ન હોઈ, તથા (૮) નિયત કરેલ સુપરવાઈઝરો ફાળવવામાં આવેલ ન હોઈ વિગેરે અનિયમિતતા બદલ સેન્ટ્રલઝોન – રૂા.૯,૯૬૦/–, વેસ્ટઝોન – રૂા.૫,૬૮૦/–, સાઉથઝોન – રૂ૧૦,૯૬૦/–, સાઉથ–ઈસ્ટઝોન – રૂા.૧૩,૭૦૦/–, સાઉથ–વેસ્ટઝોન – રૂા.૧૨,૬૪૦/–, નોર્થઝોન – રૂા.૧,૦૦૦/– અને ઈસ્ટઝોન – રૂા.૪,૯૫૦/– મળી તમામ ઝોનની જુદી–જુદી એજન્સીઓ પાસેથી કુલ **રૂા.૫૮,૮૯૦/–** પેનલ્ટી વસુલવામાં આવેલ છે. કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે માટે, દૈનિક કામગીરીમાં ઈજારદાર દ્વારા રોકવામાં આવતા વાહનો તથા સ્વચ્છતા મિત્રોની સંખ્યાની નોંધણી જે–તે વોર્ડ ઓફિસો પર કરાવી, તેની માહિતી વાયરલેસ મારફતે ઝોન કંટ્રોલમાં રોજે–રોજ આપવામાં આવે છે, તેમજ તે અંગેનું મોનીટરીંગ નિયમિતપણે સંબંધિત ઝોનના નાયબ આરોગ્ય અધિકારી દ્વારા કરવામાં આવે છે.

TOP

## સુરત મહાનગરપાલિકા જાહેર આરોગ્ય વિભાગ

## સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે મે.કમિશ્નરશ્રીના આદેશ અનુસાર તા.૧૬/૦૩/૨૦૧૫ થી તા.૨૨/૦૩/૨૦૧૫ સુધીના સમયગાળા દરમ્યાન ખાસ ઝુંબેશ સ્વરૂપે ફુડ વિભાગ અને ઝોનના આરોગ્ય વિભાગના સુપરવાઈઝર સ્ટાફ મારફતે વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી સંદર્ભે હોટલો, ભોજનાલયો, રેસ્ટોરન્ટ, મેશ, ખાણી–પીણીની લારીઓ પર વેચાતા ખાદ્ય પદાર્થના ચેકીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ.

આ અભિયાન દરમ્યાન ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતી કુલ ૨૨૪૪ હોટલો, ભોજનાલયો, રેસ્ટોરન્ટ, મેશ, ખાણી–પીણીની લારી વિગેરે સંસ્થાઓ ચેક કરવામાં આવેલ છે તથા વિવિધ ખામી / ઉણપો બદલ ૬૦૫ નોટીસ પાઠવી, સાઉથ વેસ્ટમાં ૦૩ સંસ્થા / લારી બંધ કરાવી, તા.૧૯/૦૩/૨૦૧૫ના રોજ નોર્થ ઝોન કતારગામ વિસ્તારમાં કેરીના રસનું વેચાણ કરતા ૦૪ ઈસમો પાસેથી કાચના ગ્લાસ નંગ–૧૫૬ જપ્ત કરી, કુલ રૂા.૩,૨૮,૫૦૦/– વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. વધુમાં, આ અભિયાન દરમ્યાન કુલ ૨૯૨.૯૦૦ કિ.ગ્રા. અખાદ્યપદાર્થનો નાશ કરવામાં આવ્યો, જયારે ૫૭.૭૦૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો.

TOP

## પ્રેસનોટ

આજ રોજ તા.૨૩/૦૩/૧૫ના સવારે ૧૦:૦૦ કલાકે માન.મેયરશ્રીની અધ્યક્ષતામાં અત્રેના સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ના વહીવટી ભવન ખાતે મ્યુ.સભ્યોશ્રી તેમજ સુરત મહાનગરપાલિકાના વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ વચ્ચે વહીવટ બાબતે જરૂરી સંકલન સધાય તેમજ મ્યુ.સભ્યોશ્રીના વિવિધ પ્રશ્નોના નિકાલ અર્થે એક સંકલન મીટીંગનું આયોજન કરવામાં આવેલ. આ મીટીંગમાં સુરત મહાનગરપાલિકાના મા.મેયરશ્રી, મા.કમિશ્નરશ્રી, મા.ડે.મેયરશ્રી, મા.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી, શાસકપક્ષના નેતાશ્રી, તમામ ઝોનના ઝોનલ ચીફશ્રીઓ, વિવિધ પ્રોજેકટના નિમણુંક પામેલ અધિકારી, વિવિધ પદાધિકારીશ્રીઓ તથા ઝોન કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ સમાવિષ્ટ વોર્ડના મ્યુ.સભ્યશ્રીઓ હાજર રહેલ. જેમાં મ્યુ.સભ્યશ્રી ધ્વારા વોર્ડ વાઈઝ પોતાના પ્રશ્નોની રજુઆત કરવામાં આવેલ જે મુજબ વોર્ડ નં.૨૬(આંજણા), વોર્ડ નં.૨૭(ડુંભાલ), વોર્ડ નં.૨૮(પરવત–ગોડાદરા), વોર્ડ નં.૨૯(લિંબાયત), વોર્ડ નં.૩૭(ડીંડોલી), વોર્ડ નં.૨૦ (મગોબ પાટ)ના ઉપસ્થિત મ્યુ.સભ્યશ્રીઓએ ક્રમાનુસાર રજુઆત કરેલ જેની ટુંકી વિગતો નીચે મુજબ છે.

**વોર્ડ નં.૨૬(આંજણા)**માં મ્યુ.સભ્યશ્રીઓ જયેશભાઈ જરીવાલા, મીતાબેન ચૌહાણ, દિપીકાબેન સોલંકી હાજર રહેલ જેઓએ તેમના વિસ્તારમાં ટી.પી.રોડ પર આવેલ હાઈટેન્શન લાઈનને અંડર ગ્રાઉન્ડ કરવા રજુઆત કરેલ જે અન્વયે સુરત મહાનગરપાલિકાના લાઈટ વિભાગના અધિકારીએ નભતહફ સાથે સંકલનમાં રહી અંડર ગ્રાઉન્ડ કરવા તેમજ તેનો ઉકેલ લાવવા બાંહેધરી આપવામાં આવેલ. તેમજ તેમના વિસ્તારમાં ડ્રેનેજ નેટવર્ક ૨૦ વર્ષથી પણ વધુ જુની હોય નવી લાઈન નાંખવા મ્યુ.સભ્યશ્રીઓએ રજુઆત કરેલ જે અન્વયે મા.કમિશ્નરશ્રી તેમજ મા.મેયરશ્રી ધ્વારા આ પ્રશ્નનો ઝડપી નિકાલ કરવા સંબંધિત ખાતાના અધિકારીઓને તાકીદ કરવા સુચના આપવામાં આવી. તથા મ્યુ.સભ્યશ્રીઓ ધ્વારા તેમના વિસ્તારના મ્યુ.ટેનામેન્ટ જર્જરીત હોવાનું, સ્લમને પી.પી.પી. ધોરણે વિકસાવવા, ડ્રેનેજના ડીસીલ્ટીંગને લગતા મુદ્દાઓ પર વિશેષ ભાર મુકેલ જે અન્વયે મ્યુ.કમિશ્નરશ્રી ધ્વારા યોગ્ય નીતિ ઘડી સદર પ્રશ્નનો નિકાલ કરવા અંગે જણાવેલ.

**વોર્ડ નં.૨૭(ડુંભાલ)**માં મ્યુ.સભ્યશ્રીઓ પી.વી.એસ.શર્મા, રશ્મિકાબેન પટેલ, અક્રમભાઈ અન્સારી હાજર રહેલ જેઓએ તેમના વિસ્તારના વિવિધ વિકાસના કામો તેમજ તેમના વિસ્તારની વિવિધ સોસાયટીના સર્વિસ ગલીમાં પથ્થર સેટ–રીસેટ કરવા અંગે રજુઆત કરવામાં આવેલ જે અન્વયે મહદ અંશે તમામ વિકાસના કામોને આગામી બજેટમાં સમાવિષ્ટ કરી દેવામાં આવેલ છે એવી અધિકારીએ બાંહેધરી આપેલ તેમજ સોસાયટીમાં પથ્થર સેટ–રીસેટ તથા વી.ડી.એસ. પી.સી.સી. કરવા મા.મ્યુ.કમિશ્નરશ્રીએ જણાવેલ.

**વોર્ડ નં.૨૮(પરવત–ગોડાદરા)**માં મ્યુ.સભ્યશ્રીઓ સુમનબેન પાટીલ, ગેમરભાઈ દેસાઈ, રાવસાહેબ પાટીલ હાજર રહેલ જેઓએ તેમના વિસ્તારમાં આર–૩૪, આર–૧૫માં ગાર્ડન વિકસાવવા અંગે રજુઆત કરેલ જે અન્વયે હાઉસીંગ વિભાગના અધિકારીએ ટેન્ડર બહાર પાડી તાકીદે ગાર્ડન વિકસાવવા અંગે બાંહેધરી આપેલ. તેમજ પરવત વિસ્તારમાં આવેલ હેલ્થ સેન્ટરની કામગીરી તાકીદે પૂર્ણ કરવા જણાવેલ જે અન્વયે સદર કામ બજેટમાં લીધેલ હોય તાકીદે પૂર્ણ કરવાની બાંહેધરી આપેલ. વધુમાં મ્યુ.સભ્યશ્રીઓ તરફથી ઝોનના વોર્ડમાં સ્કુલો, કોમ્યુનીટી હોલ, હેલ્થ સેન્ટર, વોર્ડ ઓફિસના કામો હાથ ધરવા રજુઆત કરવામાં આવેલ તેમજ વોર્ડ વિસ્તારમાં તાકીદે ડ્રેનેજ અને પાણીનું નેટવર્ક કાર્યરત કરવાની રજુઆત કરવામાં આવેલ. તદ્દઉપરાંત, શરૂ થનાર પાણીના નેટવર્કનાં કનેકશન માટે વ્યવહારુ નીતિ ઘડવા સુચના કરવામાં આવેલ. વધુમાં, મ્યુ.સભ્યશ્રીઓ તરફથી કલમ ૨૦૫ હેઠળના રસ્તાઓ સત્વરે જાહેર થાય તે માટે સુચન કરવામાં આવેલ જે સંદર્ભે મા.મેયરશ્રી તથા મા.મ્યુ.કમિશ્નરશ્રી તરફથી આ કામગીરીને તાકીદે હાથ ધરી જાહેર જનતાને સુવિધા મળે તે રીતે કાર્યવાહી કરવા સુચના આપેલ. વોર્ડ વિસ્તારમાં મુખ્ય રસ્તાઓ પર નાઈટ સ્ક્રેપીંગ કરવા રજુઆત કરવામાં આવેલ તેમજ નવી વોર્ડ ઓફિસ બનાવી તેને સ્ટાફની ફાળવણી કરી વોર્ડના કામકાજનો બોજો વિભાજીત કરવા રજુઆત થયેલ. વધુમાં મહાનગરપાલિકાના જે પ્રોજેકટસ પૂર્ણ થયા હોય તેનું સત્વરે લોકાર્પણ કરી જાહેર જનતા માટે ખુલ્લા મુકવાનું સુચન થયેલ વોર્ડમાંથી પસાર થતી મીઠીખાડીના કિનારાઓ પર ગેબીયન પીચીંગ તથા આર.સી.સી. વોલ બનાવવાનો પ્રોજેકટ ખુબજ આવકાર દાયક હોય ઝડપથી કામગીરી પુરી થાય એવી રજુઆત થયેલ.

**વોર્ડ નં.૨૯(લિંબાયત)**માં મ્યુ.સભ્યશ્રીઓ લક્ષ્મીબેન રાપોલુ, ડો.રવિન્દ્ર પાટીલ હાજર રહેલ જેઓએ તેમના વિસ્તારમાંની નબળી ડ્રેનેજ સીસ્ટમ બાબતે અને જુના હયાત પંપીંગ સ્ટેશનની કેપેસીટી પુરી થયેલ હોય નવા પંપીંગ સ્ટેશન બનાવવાની માંગણી કરવામાં આવેલ જે અંગે રજુઆત કરેલ જે અંગે વ્યવસ્થિત આયોજન કરવા મા.કમિશ્નરશ્રીએ ડ્રેનેજ વિભાગના સંબંધિત અધિકારીઓને આ સમસ્યા કાયમી ધોરણે હલ કરવાની બાંહેધરી આપેલ. તદ્દઉપરાંત તેમના વિસ્તારમાં ઝીરો દબાણ

રોડ પર થતી ટ્રાફીકની સમસ્યાઓ હલ કરવા અંગે રજુઆત કરેલ જે અંગે ટ્રાફીક વિભાગના સંબંધિત અધિકારીઓને જરૂરી તાકીદ કરવામાં આવેલ. વધુમાં ટ્રાફીકના વહન માટે રૂપનગર ગરનાળા પર તાકીદે ફલાય ઓવર બ્રીજ તથા સંજયનગર ગરનાળાને પહોળુ કરવાના કામો સત્વરે કરવા રજુઆત કરવામાં આવેલ. નીલગીરી સર્કલ પાસે જોગીંગ ટ્રેક બનાવી સર્કલમાં ફુંવારાની વ્યવસ્થા કરવા સુચન કરવામાં આવેલ. વધુમાં, ખાનગી તથા ૬૩/૨ની સોસા.ઓમાં પ્રાથમિક સુવિધાના કામો સત્વરે પુરા કરવા તેમાં પણ રસ્તા કાર્પેટ/ રીકાર્પેટના કમોને પ્રાધાન્ય આપવા સુચન કરવામાં આવેલ તેમજ ટી.પી.રસ્તામાં નડતરરૂપ શીવાજીનગરના મકાનોને વૈકલ્પીક જગ્યા આપી રસ્તો ખુલ્લો કરવા તાકીદ કરવામાં આવેલ.

**વોર્ડ નં.૨૦ (મગોબ પાર્ટ)**માં મ્યુ.સભ્યશ્રીઓ ભવાનભાઈ સીસારા, પ્રિતીબેન પટેલ હાજર રહેલ જેઓએ તેમના વિસ્તારમાં રીઝર્વેશન પ્લોટોમાં ગાર્ડન બનાવવા અંગે રજુઆત કરવામાં આવેલ જે અન્વયે મ્યુ.કમિશ્નરશ્રીએ ગાર્ડન હેતુના રીઝર્વેશન પ્લોટોનો કબ્જો મેળવી ગાર્ડન બનાવવા શુ વ્યવસ્થિત આયોજન કરવા જણાવેલ. તેમજ અન્ય વિકાસના કામો અંગે રજુઆત કરવામાં આવેલ જે અન્વયે સંબંધિત વિભાગના સંબંધિત અધિકારીશ્રીઓને સંકલનમાં રહી કામગીરીનો ઝડપી નિકાલ કરવા જરૂરી સુચનાઓ આપવામાં આવી.

**વોર્ડ નં.૩૭(ડીંડોલી)**માં મ્યુ.સભ્યશ્રીઓ દયાશંકર સીંગ, નયનાબેન નાયક હાજર રહેલ જેઓએ તેમના વિસ્તારમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન માટે ફરતી ગાડીઓ અનિયમીત પણે આવે છે. એવી રજુઆત કરવામાં આવેલ જે અન્વયે સદર કામગીરીની ઈજારદારને રૂબરૂ હાજર રાખી ઠપકો આપી કામગીરીમાં તાકીદે સુધારો કરવા તાકીદ કરવામાં આવી તેમજ ડીંડોલી વિસ્તારના વિવિધ સોસા.ઓમાં પાણીની, ડ્રેનેજની લાઈન નાંખવા રજુઆત કરવામાં આવેલ જે અન્વયે આગામી બજેટમાં નેટવર્ક પૂર્ણ કરી ચાલુ કરવા અંગે ઝોનના વડાશ્રીએ બાંહેધરી આપેલ. ગોડાદરા ડબલ ફાટક નજીકના રેલ્વે ઓવરબ્રીજનું કામ વ્યવહારીક ઉકેલ લાવી તાકીદે પૂર્ણ કરવા રજુઆત થયેલ.તેમજ પાણીની લાઈન નાંખવા બોક્ષ પુસીંગની કામગીરી તાકીદે કરવા અંગે રજુઆત કરવામાં  વધુમાં વોર્ડ વિસ્તારમાં ઓડીટોરીયમ, સ્કુલ તથા કોમ્યુનીટી હોલના પ્રોજેકટ માટે સત્વરે જગ્યા ઉપલબ્ધ કરી કામગીરી કરવા રજુઆત થયેલ તેમજ ડીંડોલી વિસ્તારમાં માસ ટ્રાન્સપોટેશનની સુવિધા તાકીદે પુરી પાડવા રજુઆત કરવામાં આવેલ. વધુમાં બજેટમાં લેવામાં આવેલ ડીંડોલી તળાવ, સ્કુલ, ગાર્ડન, શાંતીકુંજ વિગેરે સત્વરે પૂર્ણ કરવા રજુઆત કરવામાં આવેલ તેમજ ડીંડોલીમાં ફાયર સ્ટેશન અંગેની નિતી નકકી કરી કામગીરી શરૂ કરવા રજુઆત કરવામાં આવી.

આમ સમગ્ર મીટીંગ દરમ્યાન સુરત મહાનગરપાલિકાના વિવિધ વિભાગોને પ્રજાલક્ષી  વિકાસના કામો, આરોગ્યલક્ષી, પ્રાથમિક સુવિધાઓ પ્રજાને તાકીદે પુરી પાડી શકાય એ હેતુસર સંકલન જાળવી કામગીરી કરવા જરૂરી સુચનાઓ આપી તમામ ઉપસ્થિત અધિકારીઓ અને પદાધિકારીઓનો આભાર માની મીટીંગનું સમાપન કર્યૂ હતું.

TOP

## પ્રેસનોટ સાઉથઝોન(ઉધના)

## સુરત મહાનગરપાલિકા

તા. ૨૮.૦૮.૨૦૧૪ ના રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૂડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૨૭૦** ફાઈલોનો નિકાલ કરવામાં આવેલ છે.અને કુલ **૪૨** ફાઈલના **રૂા.૬,૨૪,૦૦૦/–**રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–**૦૬ લો**કેશન (ખાડા) **૬૫.૦૦** ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ **૪.૫૩૦** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે.,**કુલ–૧૦** લોકેશન (ખાડા) **૪૭૫.૦૦** ર.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.**કુલ–૦૭** લોકેશન **૩૩૦૦.૦૦** ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે.,**કુલ–૪૬** વરસાદી જાળિયા સફાઈ તથા **૧૭** મેનહોલ સફાઈની કામગીરી કરવામાં આવેલ છે., ટી.પી.૫૪(ભેસતાન)એચ–૧૫ EWS આવાસ પાસેના ૩૬.૦ મી. ટી.પી.રસ્તા પર પોલીસ બંદોબસ્ત સાથે દબાણ હેઠળ કુલ –૦૮ **લારી–ગલ્લાઓ** તથા પ્લાસ્ટીક ના તબુ બાંધી વેચાણ કરતા તબુઓ/ પાથરણાવાળોને દૂર કરવામાં આવેલ છે.તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા :૬ર છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા :૫ર છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા. ૧૬.૪૮ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.૮.૮૩ લાખ થયેલ છે.,૧૬ EC તથા – RC નોંધાયેલ છે.,નોંધણી ફી , રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા. ૯ર૭/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા. ૧૬૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૦૭ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૮ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે.તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ૪ર૬ છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૯૪ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : ૧૭૧.૪૫ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૩૩ છે.,વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા. ૨૫૦૦/– છે.તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ ૧૧૧૫૬ ઘર સર્વે કરવામાં આવેલ.,કુલ ૨૪૪૨૪ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૯૦ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૫૮૭ કરવામાં આવેલ છે. જયારે ૬૪ નોટીસ આપવામાં આવેલ છે.

વહીવટી ખર્ચઃ રૂા. ૬ર૦૦/–વસુલ કરવામાં આવેલ છે.

TOP

પ્રેસનોટ

નોર્થઝોન (કતારગામ)

સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૩/૦૩/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૮૧ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૯૧ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૩,૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૬૧ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૪૦૦ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૪૬૦ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૪૨ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૬ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૬,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા સુમુલ ડેરી રોડ, વસ્તાદેવડી રોડ, કતારગામ દરવાજાથી બાળાશ્રમ, કુબેરનગર, પારસ સોસાયટી, ફુલપાડા નવી/જુની જી.આઈ.ડી.સી., વેડરોડ પંડોળ ઈન્ડ. વિગેરે, ડભોલી સિંગણપોર રોડ બાપાસીતારામ ચોક, મગનનગર, વેડરોડથી પ્રાણનાથ, વિજયનગર, પ્રભુનગર, અખંડ આનંદ સ્કુલની સામેનો વિસ્તાર ત્રિલોકનગર, મીનાડનગર, અમરોલી, છાપરાભાઠા, કોસાડ વિગેરે વિસ્તારમાંથી કુલ ૫૪૬ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૨૦,૬૧,૫૫૮/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે તથા ૨૮ મિલ્કતોને ઈ.ડબલ્યુ.એસ. આવાસ કોસાડ ખાતે સીલ મારવામાં આવેલ છે જેની સ્થળ ઉપર રૂા.૬૫,૪૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે, ૦૨ મિલ્કત કુબેરનગર, વેડ દરવાજા ખાતે સીલ મારવામાં આવેલ છે. જેની સ્થળ ઉપર ૨,૧૮,૦૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે, ૦૧ મિલ્કતોને જી.આઈ.ડી.સી. ખાતે સીલ મારવામાં આવેલ છે. જેની સ્થળ ઉપર ૧,૬૫,૦૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે. આમ, કુલ ૩૧ મિલ્કતોને સીલ મારતા સ્થળ ઉપર કુલ રૂા.૪,૪૮,૪૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૮૦ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૩૩ એન્ટ્રીમાં રૂા.૮૩,૫૨૦/– અને આર.સી.ની. ૪૭ એન્ટ્રીમાં રૂા.૯,૨૪,૨૮૦/– મળી કુલ રૂા.૧૦,૦૭,૮૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૧ એન્ટ્રીમાં રૂા.૨૦/–, રીન્યુઅલની ૦૮ એન્ટ્રીમાં રૂા.૪૬૦/– અને દંડની રકમની ૦૪ એન્ટ્રીમાં રૂા.૫૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૨૨ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૦૫ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૧ ગંદા પાણીની ફરીયાદનો નિકાલ કરેલ. ૦૩ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૮૯ ફાઈલોના રૂા.૧૩,૮૯,૭૯૧/– ની વસુલાત કરવામાં આવેલ.

જમીન મિલ્કત વિભાગ દ્વારા EWS આવાસ વસુલાત રૂા.૨,૩૩,૦૨૦/–, મિલ્કત ભાડાના રૂા.૭,૩૪૪/–, દબાણ ચાર્જના રૂા.૧૦,૮૧૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૨,૦૦૦/– મળી કુલ રૂા.૨,૫૩,૧૭૪/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા ધ્વારા ૧૬ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ
## નોર્થઝોન (કતારગામ)
## સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) માં તા.૨૪/૦૩/૨૦૧૫ ના રોજ મા. મેયરશ્રીના અધ્યક્ષ સ્થાને મળેલ ઝોન વિસ્તારના તમામ વોર્ડના મ્યુ.સદસ્યશ્રીઓ સાથેની સંકલન મીટીંગ રાખવામાં આવેલ જેમાં સુરત મહાનગરપાલિકાના મા. મેયરશ્રી, ડે. મેયરશ્રી, સ્થાયી સમિતિના ચેરમેનશ્રી, જાહેર બાંધકામ સમિતિના ચેરમેનશ્રી, વોર્ડના મ્યુ. સદસ્યશ્રીઓ તથા મ્યુ. કમિશ્નરશ્રી હાજર રહેલ. જેમાં મ્યુ. સદસ્યશ્રીઓ ધ્વારા મળેલ રજુઆત મુખ્યત્વે ઝોન વિસ્તારમાં લાઈટ વિભાગના મરામત અને નિભાવ કરતી એજન્સી શ્રીરામદાદા ઈલેકટ્રીકલ્સની વિવિધ વિસ્તારોની ફરીયાદોનો સમયસર નિકાલ થતો ન હોય, તેવી સામાન્ય ફરીયાદને ધ્યાને રાખી લાઈટ વિભાગના ઈજારદારને મીટીંગમાં રૂબરૂ બોલાવી દિન–૧૫ ની સમયમર્યાદામાં તમામ કામગીરી સંપૂર્ણ કરવા અંગેનો રીપોર્ટ રજુ કરવા જણાવ્યુ તથા કતારગામઝોન વિસ્તારના તમામ નગરસેવકોએ વિવિધ રજુઆતો/પ્રશ્નનો નિકાલ કરવા તાકીદ કરી.

– વધુમાં ઝોન વિસ્તારમાં આવેલ સોસાયટીના લાઈટ, પાણી, ડ્રેનેજ, રસ્તાઓ અંગેની સેવાઓની મંજુરી એક જ જગ્યાએથી થાય તે માટે અસરકારક આયોજન કરવા સૂચના આપી.
– હાઈડ્રોલીક વિભાગ ધ્વારા પાણીના મુખ્ય કનેકશનો જે તે સોસાયટી એપાર્ટમેન્ટમાં મંજુરી આધારે આપવામાં આવે છે. ત્યાર બાદ વ્યકિતગત કનેકશન માટે ઝોન લેવલે કામગીરી સંપૂર્ણ કરવાની સત્તા સોંપવામાં આવી.
– ઝોન વિસ્તારમાં મુખ્ય રોડ ઉપર ૨૦૦ મી. ના અંતરે ડસ્ટબીન મુકવાનું સૂચન કર્યુ.
– સોસાયટીના સુવિધાજનક કામો જેવા કે, રસ્તા, પાણી, ડ્રેનેજ, લાઈટ તથા આરોગ્યને લગતા કામોની ફરીયાદો તાત્કાલીક નિરાકરણ લાવવાની સૂચના આપવામાં આવી.
– સિંગણપોર કોઝવે થી અમરોલી બ્રીજ લંકાવિજય હનુમાનજી મંદિર સુધી પાળાની પાસેની ઝુંપડપટ્ટીઓ ધ્વારા ગેરકાયદેસર દબાણ કરવામાં આવેલ છે. જે તાકીદે દુર કરવા સૂચના આપી તથા નળતર રૂપ વૃક્ષોનું ટ્રીમીંગ કરવાની સૂચના આપી.
– વેડ રોડ ઉપર આપેલ વિવિધ ડાઈંગ મીલોના પ્રદુષણ ઓછુ થાય તે બાબતે સઘન પગલા લેવા સૂચના આપી.
– ઝોન વિસ્તારમાં આવેલ વિવિધ જગ્યાની મિલ્કતો લાઈન દોરીમાં આવતી હોય, સંપાદનમાં આવતી હોય તથા વિકાસના કામોમાં નડતરરૂપ મિલ્કતોનું ડિમોલીશન કરવા સૂચના આપી.
– પ્રાઈવેટ સેકટર તથા પાણી, ડ્રેનેજ, લાઈટ વિભાગ ધ્વારા રીપેરીંગ અંગે ખોદકામ કરવામાં આવેલ. તે રસ્તા વિભાગ સાથે સંકલનમાં રહીને તાકીદે દુરસ્ત કરવા સૂચના આપી.
– જુદી જુદી ટી.પી. સ્કીમો મંજુર થઈ ગયેલ હોય, તેના રીઝર્વ પ્લોટોનો તાકીદે કબજો લેવા જણાવ્યુ.
– વિવિધ વિસ્તારોમાં થયેલ દબાણ દુર કરવાનું કાયમી ઉકેલ લાવવો અને તે અંગે જરૂરી સ્ટાફ ધ્વારા ફોલોઅપમાં રહેવાની સૂચના આપી.
– કતારગામ–સિંગણપોર વિસ્તારમાં આવેલ શાકમાર્કેટની જગ્યાની ફાળવણી/ એલોટ તાકીદે કરવા સૂચના આપી.

TOP

પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા ધ્વારા એસ.ટી. કામદારો સાથે અનોખી રીતે વિશ્વ ક્ષય દિનની ઉજવણી–નુકકડ નાટક રજુ




સુરત મહાનગરપાલિકા ક્ષય વિભાગ ધ્વારા વિશ્વ ક્ષય દિનની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી જેમાં આ વખતે જે લોકોમાં ટીબી થવાની શકયતા વધુ હોય તેવા એસ.ટી. ડ્રાયવર, કંડકટર, વર્કશોપનાં કામદારો વચ્ચે જઈને ક્ષય દિન ઉજવવા નકકી કરવામાં આવ્યુ હતુ. જેમાં સુરત મહાનગરપાલિકાનાં ટીબી ઓફીસર ડો.કે.એન.શેલડીયા, બાયોકેમેસ્ટ્રી વિભાગનાં ડો. નીતા રાણા તથા ક્ષય વિભાગનાં ૯૦ જેટલા કર્મચારીઓ એસ.ટી. વર્કશોપમાં આયોજીત આ કાર્યક્રમમાં હાજર રહયા તથા ટીબી હેલ્થ વીઝીટર ધ્વારા સુંદર, સચોટ અને આરોગ્ય શિક્ષણનાં તમામ મુદદા આવરી લેતુ નુકકડ નાટક " રાષ્ટ્રીય આરાધન" રજુ કર્યુ હતુ જેના ધ્વારા ટીબીને લગતા તમામ મુદદા આવરી લઈ તમામને જાગૃત કરવામાં આવ્યા હતા તથા ડો. શેલડીયા તથા ડો. નીતા રાણા એ પણ ટીબી અંગેની આવશયક જાણકારી આપી ત્યારબાદ તમામ કામદારો માટે " ટીબી કવીઝ" યોજવામાં આવી જેમાં તમામે ઉત્સાહભેર ભાગ લીધો તથા સાચા જવાબો આપનાર ને 'ડોટસ' બોલપેન ઈનામમાં આપવામાં આવી.

એસ.ટી. વિભાગનાં વિભાગીય નિયામક શ્રી જે.એન. પટેલે સુરત મહાનગરપાલિકાની આ પહેલ બીરદાવી તમામ કામદારોને સંભવિત ટીબીનાં લક્ષણો – ખાંસી, ઝીણો તાવ હોય તો તુરંત સુરત મહાનગરપાલિકાનાં શહેરી હેલ્થ સેન્ટરનો સંપર્ક કરવા જણાવ્યુ.

'ટીબીનાં કેસ શોધો, સારવાર કરી તમામને સાજા કરો ' નાં વિશ્વ ક્ષય દિન નાં સૂત્ર ને સાર્થક કરતો આ સુરત મહાનગરપાલિકાનો પ્રયાસ પ્રશંસનીય રહેશે.

TOP

## પ્રેસ નોટ

## તા.૨૮/૦૩/૨૦૧૫ ને શનિવાર અને તા. ૦૨/૦૪/૨૦૧૫ ને ગુરૂવાર ના રોજ સુરત મહાનગરપાલિકા સંચાલિત સલાબતપુરા અને રાંદેર કતલખાના બંધ રહેશે.

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, સ્થાયી સમિતિના ઠરાવ નં. ૨૬૧, તા.૨૦/૦૨/૧૯૭૬ થી વિદીત થઈ, દર વર્ષની જેમ તા.૨૮/૦૩/૨૦૧૫ ને શનિવાર ના રોજ રામનવમી અને તા.૦૨/૦૪/૨૦૧૫ ને ગુરૂવાર ના રોજ મહાવીર જયંતિ નિમિત્તે સુરત મહાનગરપાલિકા સંચાલિત સલાબતપુરા અને રાંદેર કતલખાના બંધ રહેશે. જેની મટન–બીફ વેચનાર તમામ લાયસન્સ હોલ્ડરોએ નોંધ લેવી.

TOP

## પ્રેસનોટ

## સાઉથઝોન(ઉધના)

## સુરત મહાનગરપાલિકા

**તા.૨૫.૦૩.૨૦૧૫ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ દ્વારા ગૃડા એક્ટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૧૬૫** ફાઈલના **રૂ.૨૯.૬૩ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–**૧૦ લોકેશન(ખાડા)૪૬૫.૦૦ ચો.મી.** પેચવર્કની કામગીરી કરી કુલ **૨૭.૮૮૦** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. **કુલ**–**૦૭** લોકેશન(ખાડા) **૩૦૦.૦૦ ર.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.**કુલ**–**૦૯** લોકેશન **૩૨૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., રોડ પૈકીના દબાણ હેઠળ કુલ **:૧૯** લારી ગલ્લા ઉપાડવામાં આવેલ પાણીના નવા કનેકશન કુલ :**૧૧** આપવામાં આવેલ તથા ટી.પી.૫૭(પાંડેસરા) નાં ૩૬.૦ મી. રોડમાં નડતરરૂપ ૧.૦ પહોળાઈના ૧૦૦ ર.મી. ઓટલા દૂર કરવામાં આવેલ છે. **આકારણી વિભાગ દ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૪૭** છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **:૩૦૪** છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂ.૩૯.૬૪** લાખ થયેલ છે.તથા **વ્યવયાસ વેરા વિભાગ દ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂ.૪.૬૨** લાખ થયેલ છે.,**૧૦** EC તથા **૧૦** RC નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂ.૨૩૮૪/**– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે **રૂ.૧૯૦૦/**– વસુલ લેવામાં આવેલ છે.,**૫૪** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૧** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ દ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યા:**૩૮૨** છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યા:**૧૦૩** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :**૧૭૪.૯૫** મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યા:**૩૬** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ: **રૂ.૪૮૫૦/**–છેતથા **વી.ડી.સી. વિભાગ દ્વારા** કુલ :**૧૦૫૧૧** ઘર સર્વે કરવામાં આવેલ., કુલ:**૨૩૪૩૪** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યા: **૩૭** છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશન:**૬૮૭** કરવામાં આવેલ છે. જયારે **૧૬** નોટીસ આપવામાં આવેલ છે.તથા વહીવટી ખર્ચ પેટે **રૂ.૫૦૦/**– વસુલ લેવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા
## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન
## અખબારી યાદી

શહેર સુરતનાં સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

ડુમસ લંગર પાસે ડ્રા.ટી.પી.સ્કીમ નં.૮૦(સુલતાનાબાદ–ભીમપોર), રે.સ.નં.૪૯૫/૧+૨, ફા.પ્લોટ નં.૨૭૯ વાળી જગ્યામાં મિલ્કતદારશ્રી / કબ્જેદારશ્રી રવિન્દ્રભાઈ મગનભાઈ તથા અન્યો દ્વારા ૨૪.૦૦ મી.ના ટી.પી.રસ્તા ઉપર કરેલ વાણિજયક હેતુસરનું ચણતરનું સિમેન્ટનાં પતરા સહિતનું (૧૪'.૦૦" × ૧૮'.૦૦") એટલે કે આશરે ૨૫૨.૦૦ ચો.ફુટનું ગેરકાયદેસર બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ડે.કમિશ્નરશ્રીની સુચના અન્વયે કાર્યપાલક ઈજનેરશ્રીનાં માર્ગદર્શન તેમજ સીધી દેખરેખ હેઠળ અઠવા ઝોનનાં શહેર વિકાસ વિભાગ તેમજ દબાણ વિભાગ તથા સીકયોરીટી સ્ટાફ સાથે રાખી સદરહું કામગીરી કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ
## પૂર્વ ઝોન (વરાછા)
## સુરત મહાનગરપાલિકા

કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકાના આદેશથી તથા વરાછા ઝોનના એડીશનલ સીટી ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ વરાછા ઝોનના કાપોદ્રા વિસ્તારમાં ''મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન'' કાર્યક્રમના ભાગરૂપે તા.૨૫ માર્ચ ૨૦૧૫ ના રોજ રાખવામાં આવેલ સમૂહ સફાઈ અભિયાનમાં વરાછા ઝોનના આરોગ્ય વિભાગ,ઈજનેરી વિભાગના ૩૯ સુપરવાઈઝરી સ્ટાફ તથા ૨૧૦ સફાઈ કામદાર બેલદાર મળી કામગીરી કરેલ છે. સદર કામગીરી દરમ્યાન ૨૩ મેટ્રીક ટન જેટલા માટી મિશ્રિત કચરાનો નિકાલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૦૭ આંગણવાડીઓની સફાઈ,૦૬ શૈક્ષણિક સંસ્થાની સફાઈ, ૩ ધાર્મિક સ્થાનોની સફાઈ,બિન આરોગ્યપ્રદ શાકભાજી ૧૫ કિલો ગ્રામનો નાશ,૦૪ ટ્રાફિક સર્કલની સફાઈ,૧ રેસ્ટોરન્ટ ચેક કરી ૨ કિલો ગ્રામ અખાધ પદાર્થોનો નાશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત પ્રચારગાડી મારફત (૧) સ્પીનીગ મીલ રોડ (૨) દિનદયાળ વસાહત રોડ (૩) મરઘાકેન્દ્ર રોડ સુધી જનજાગૃતિ માટે પ્રચાર પ્રસાર કરાવવામાં આવેલ છે.

આ ઉપરાંત કમ્પલેઈન મેનેજમેન્ટ સિસ્ટમ દ્વારા મળેલ ૦૨ જેટલી ડ્રેનેજ ઓવરફલો તથા ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની ફરીયાદનો નિકાલ કરાવેલ છે. તેમજ ૧૯ કન્ટેનર સ્પોટ પર સફાઈ કરાવી જંતુનાશક દવા છંટકાવની કામગીરી કરાવેલ છે. તથા વેકટર બોર્ન ડીસીસ કંટ્રોલ વિભાગ દ્વારા ૧૧૯૯ ઘરોમાં ઈન્ટ્રા ડોમેસ્ટીક સર્વે કરી બ્રિડીંગનું નાશ કરવામાં આવેલ. મચ્છરની ઉત્પતિ અટકાવવા ૧૦ બાંધકામો તેમજ રેસીડેન્સીયલ યુનિટોમાં ૨૯૧ પાણીની ટાંકીઓ ચેક કરવામાં આવી, ૧૫ સ્લાઈડ લેવાની કામગીરી તથા નોટીસ આપવાની કામગીરી કરવામાં આવેલ તેમજ ૦૨ ઈસમ પાસે રૂા.૩૦૦૦/– વહીવટી ખર્ચ વસુલાત કરવામાં આવેલ. બાંધકામમા જગ્યાએ માછલી મુકવાની કામગીરી કરવામાં આવેલ. તથા ૧૫ કી.ગ્રા.દવા છંટકાવની કામગીરી કરવામાં આવેલ છે. તથા ૩ શાંતિકુંજની આજુબાજુની સફાઈની કામગીરી કરેલ છે.

ઉપરોકત કામગીરી ઉપરાંત દબાણ વિભાગ દ્વારા ૧૩૭ બોર્ડ / બેનરો દુર કરવાની કામગીરી કરવામાં આવેલ છે. ૨૧૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરવામાં આવેલ છે. આરોગ્ય વિભાગ દ્વારા ૧૦ કલોરીન ટેસ્ટ કરવાની કામગીરી કરાવવામાં આવી. આ ઝુંબેશમાં ૨૧ લાઈટ ફીટીંગ ચાલુ કરવામાં આવેલ છે.

સમગ્ર અભિયાન દરમિયાન આરોગ્ય વિભાગ દ્વારા ૩૮ ઈસમોને નોટીસ આપવાની તથા ૯૭ ઈસમો પાસેથી રૂા.૧૪,૪૫૦/– વહીવટી ખર્ચ વસુલ કરવાની કામગીરી કરાવવામાં આવેલ છે.

ઉપરોકત સમગ્ર કામગીરી પૂર્વ(વરાછા) ઝોનના આરોગ્ય સ્ટાફ તથા ઈજનેરી સ્ટાફના સંયુકતપણે સાધન સામગ્રી સાથે કરવામાં આવેલ છે.

TOP

**પ્રેસનોટ**
**નોર્થઝોન (કતારગામ)**
**સુરત મહાનગરપાલિકા**

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૪/૦૩/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૭૫ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૫૬ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂ.૨,૫૦૦/— વસુલ લેવામાં આવેલ છે. ૪૭ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૫૬૩ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૪૪૧ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૩૦ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૧૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૩,૦૦૦/— વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા સુમુલ ડેરી રોડ, વસ્તાદેવડી રોડ, કતારગામ દરવાજાથી બાળાશ્રમ, કુબેરનગર, પારસ સોસાયટી, ફુલપાડા નવી/જુની જી.આઈ.ડી.સી., સિંગણપોર, વેડરોડ પંડોળ ઈન્ડ., ડભોલી સિંગણપોર રોડ બાપાસીતારામ ચોક, મગનનગર, વેડરોડથી પ્રાણનાથ, વિજયનગર, પ્રભુનગર વિગેરે વિસ્તારમાંથી કુલ ૪૪૪ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૧૯,૦૧,૧૩૯/— નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે તથા ૩૦ મિલ્કતોને ઈ.ડબલ્યુ.એસ. આવાસ કોસાડ ખાતે સીલ મારવામાં આવેલ છે જેની સ્થળ ઉપર રૂા.૪૯,૦૭૦/— ની વસુલાત કરવામાં આવેલ છે, ૦૪ મિલ્કત કુબેરનગર, વેડ દરવાજા ખાતે સીલ મારવામાં આવેલ છે. જેની સ્થળ ઉપર રૂા.૨,૯૯,૫૦૦/— ની વસુલાત કરવામાં આવેલ છે. આમ, કુલ ૩૪ મિલ્કતોને સીલ મારતા સ્થળ ઉપર કુલ રૂા.૩,૪૮,૫૭૦/— ની વસુલાત કરવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ—૭૭ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૨૬ એન્ટ્રીમાં રૂા.૬૮,૭૮૦/— અને આર.સી.ની. ૫૧ એન્ટ્રીમાં રૂા.૫,૦૮,૦૬૦/— મળી કુલ રૂા.૫,૭૬,૮૪૦/— ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૨ એન્ટ્રીમાં રૂા.૪૦/—, રીન્યુઅલની ૧૯ એન્ટ્રીમાં રૂા.૧૦૨૦/— અને દંડની રકમની ૦૭ એન્ટ્રીમાં રૂા.૧૧૦૦/— ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૦૭ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૦૬ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૧ ગંદા પાણીની ફરીયાદનો નિકાલ કરેલ. ૦૧ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

શહેર વિકાસ ખાતા દ્વારા આઈ.સી.ના નાણાં પેટે ડ્રાફટ ટી.પી.ના રૂા.૫,૦૦,૪૦૦/— ની વસુલાત કરવામાં આવેલ.

ઈમ્પેકટ ફી પેટે ૫૭ ફાઈલોના રૂા.૧૬,૭૯,૬૦૨/— ની વસુલાત કરવામાં આવેલ.

જમીન મિલ્કત વિભાગ દ્વારા EWS આવાસ વસુલાત રૂા.૮૨,૧૨૨/—, મિલ્કત ભાડાના રૂા.૩,૩૬૦/—, મંડપ ચાર્જના રૂા.૨૫૩/—, હોર્ડીંગ્સના રૂા.૬૬૧૪/—, દબાણ ચાર્જના રૂા.૩,૭૩૦/— તેમજ વહીવટી ચાર્જ રૂા.૨,૬૦૦/— મળી કુલ રૂા.૯૮,૬૭૯/— ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા ધ્વારા ૧૧ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન ના કાર્યક્ષેત્ર માં સમાવિષ્ટ ઈલેકશન વોર્ડ નં.૧૩(મુગલીસરા),વોર્ડ નં. ૧૫(મહીધરપુરા–સૈયદપુરા), વોર્ડ નં. ૨૧ (નવાપુરા–હરીપુરા), વોર્ડ નં.૨૨ (સોનીફળીયા–ગોપીપુરા), વોર્ડ નં. ૨૩ (અઠવા–નાનપુરા), વોર્ડ નં.૨૪ (સગરામપુરા) તથા વોર્ડ નં.૨૫(સલાબતપુરા) ના વોર્ડ વાઈઝ આમંત્રિત મ્યુ.સભ્યશ્રીઓની રજૂઆતો/સૂચનો મેળવવા માટે માન.મેયરશ્રીની અધ્યક્ષતામાં આજે તા.૨૫/૦૩/૨૦૧૫ ના રોજ સવારે ૧૦ : ૦૦ કલાકે સેન્ટ્રલ ઝોનનાં વહીવટી ભવન ખાતે આયોજન કરવામાં આવેલ હતુ.

જેમાં સુરત મહાનગરપાલિકાના માન.મેયરશ્રી, માન.ડેપ્યુટી મેયરશ્રી, માન. સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી, શાસક પક્ષના માન.દંડકશ્રી અને માન.મ્યુ.કમિશ્નરશ્રી, માન.સીટી ઈજનેરશ્રી તેમજ સુરત મહાનગર પાલિકાના સંલગ્ન ખાતાઓના વિભાગીય વડાશ્રીઓ અને ખાતાના વડાશ્રીઓ હાજર રહેલ હતા.

સેન્ટ્રલ ઝોનની સદર મિટીગ સવારે ૧૦:૦૦ કલાક થી શરૂ થઈ બપોરે ૨:૦૦ કલાકે સંપન્ન થયેલ હતી. જેમાં સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ ઈલેકશન વોર્ડના મ્યુ.સભ્યશ્રીઓ એ તેઓની રજૂઆતો/પ્રશ્નો મુખ્યત્વે દબાણ, પાણી, ગટર, સાફ–સફાઈ, સ્ટ્રીટ લાઈટ વિગેરે મુદ્દાઓ બાબતેની રજૂઆતો માન.મેયરશ્રી અને હાજર અધિકારીશ્રીઓ/પદાધિકારીશ્રીઓ સમક્ષ કરી હતી તથા તે વિષય અંર્તગત ચર્ચા પણ કરવામાં આવેલ હતી. સદર મિટીગ દરમ્યાન સૂચનો તેમજ રજૂઆતોની ચર્ચા સુમેળ ભર્યા વાતાવરણમાં કરીને પ્રશ્નોનો ઉકેલ લાવવાનો સુખદ્ પ્રયાસ કરવામાં આવ્યો હતો.

TOP

## પ્રેસનોટ

## બિસ્માર મિલ્કત ઉતારી પાડવા અંગેની વિગત :–

સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રી ની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારનાં વોર્ડ નં.૧૦, નોંધ નં.૧૯૩૧ વાળી વાઘેશ્વરી માતાની પોળ, સોની ફળીયા, સુરત ખાતે આવેલ મિલ્કતમાં તા.૨૪/૦૩/૧૫ ના રોજ સાંજે ૮:૩૦ કલાકે મકાન પડી ગયા અંગે સેન્ટ્રલ ઝોન કંટ્રોલ રૂમમાં જાણ કરવામાં આવેલ. જે અંગે સદરહુ મિલ્કતની સ્થળ તપાસ કરતાં મિલ્કત ભોંયતળીયા તથા બે માળની લાકડાંના પેઢીયા–પાટીયાવાળી જણાય આવેલ. જેમાં મિલ્કતનો પહેલા તથા બીજા માળનો અમલો તૂટી પડેલ જણાયો હતો. સદરહુ ઘટના અંગેની જાણ ફાયર વિભાગ સુરત મહાનગરપાલિકાને પણ કરવામાં આવતાં ફાયર વિભાગનો સ્ટાફ ઘટના સ્થળે દોરી આવ્યો હતો. સદર મિલ્કતને સેન્ટ્રલ ઝોન ધ્વારા તા.૨૫/૦૩/૧૫ ના રોજ મિલ્કતના હિત ધરાવનારાઓને કાયદેસરની નોટીસ બજાવી મિલ્કતનો બિસ્માર ભાગ ઉતારવાની કામગીરી શરૂ કરી દેવામાં આવેલ છે. જે કામ હાલ પ્રગતિમાં છે.

TOP

## પ્રેસનોટ

## ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા ટાઉન પ્લાનર(બી)અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૫, નોંધ નં.૧૪૧૭/૧૪ ગુંબજવાળી મસ્જીદની પાછળ વાળી મિલ્કતમાં અત્રેથી તા.૦૫/૦૬/૧૩ થી વિકાસ પરવાનગી આપવામાં આવેલ, જે અન્વયે મિલ્કતના હિત ધરાવનારાઓ તરફથી મંજુર પ્લાન વિરુધ્ધ પાંચમાં માળે આશરે ૨૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી. સ્લેબ સહિતનું બાંધકામ અત્રેથી તા.૨૩/૦૩/૧૫ ના રોજ તોડી દૂર કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ
## પૂર્વ ઝોન (વરાછા)
## સુરત મહાનગરપાલિકા

કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકાના આદેશથી તથા વરાછા ઝોનના એડીશનલ સીટી ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ વરાછા ઝોનના પુણા–સીમાડા વિસ્તારમાં ''મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન'' કાર્યક્રમના ભાગરૂપે તા.૨૬ માર્ચ ૨૦૧૫ ના રોજ રાખવામાં આવેલ સમૂહ સફાઈ અભિયાનમાં વરાછા ઝોનપુણા–સીમાડા વિસ્તારના આરોગ્ય વિભાગના સુપરવાઈઝરી સ્ટાફ ૧૭ તથા૧૪૬ સફાઈ કામદાર બેલદાર મળી કામગીરી કરેલ છે. સદર કામગીરી દરમ્યાન ૧૨ મેટ્રીક ટન જેટલા માટી મિશ્રિત કચરાનો નિકાલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૦૫ આંગણવાડીઓની સફાઈ,૦૩ શૈક્ષણિક સંસ્થાની સફાઈ ,૦૩ ટ્રાફિક સર્કલની સફાઈ,૦૨ રેસ્ટોરન્ટ ચેક કરી ૦૧ કિલો ગ્રામ અખાધ પદાર્થોનો નાશ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત કમ્પલેઈન મેનેજમેન્ટ સિસ્ટમ દ્વારા મળેલ ૦૧, ડ્રેનેજ ઓવરફલો ૦૨ તથા ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની ફરીયાદનો નિકાલ કરાવેલ છે. તેમજ ૨૧ કન્ટેનર સ્પોટ પર સફાઈ કરાવી જંતુનાશક દવા છંટકાવની કામગીરી કરાવેલ છે. આરોગ્ય વિભાગ દ્વારા ૧૦ કલોરીન ટેસ્ટ કરવાની કામગીરી કરાવવામાં આવી. .

સમગ્ર અભિયાન દરમિયાન આરોગ્ય વિભાગ દ્વારા ૨૪ ઈસમોને નોટીસ આપવાની તથા ૨૪ ઈસમો પાસેથી રૂા.૬૦૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવાની કામગીરી કરાવવામાં આવેલ છે.

ઉપરોકત સમગ્ર કામગીરી પૂર્વ(વરાછા) ઝોનના આરોગ્ય સ્ટાફ દ્વારા કરવામાં આવેલ છે.

TOP

પ્રેસનોટ

નોર્થઝોન (કતારગામ)

સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૫/૦૩/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૭૨ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૫૩ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૬૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૬ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૨૧૫ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૪૩૦ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૪૩ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૬ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૧૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા સુમુલ ડેરી રોડ, કતારગામ દરવાજાથી બાળાશ્રમ, કુબેરનગર, પારસ સોસાયટી, ફુલપાડા નવી/જુની જી.આઈ.ડી.સી., સિંગણપોર, વેડરોડ પંડોળ ઈન્ડ., વેડરોડથી પ્રાણનાથ, વિજયનગર, પ્રભુનગર, કોસાડ વિગેરે વિસ્તારમાંથી કુલ ૪૧૫ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૨૦,૨૨,૮૭૪/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે તથા ૨૫ મિલ્કતોને ઈ.ડબલ્યુ.એસ. આવાસ કોસાડ ખાતે સીલ મારવામાં આવેલ છે જેની સ્થળ ઉપર રૂા.૭૧,૬૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે, ૦૩ મિલ્કત કાંસાનગર, પાર્થ સોસાયટી કતારગામ ખાતે સીલ મારવામાં આવેલ છે. જેની સ્થળ ઉપર રૂા.૧,૪૮,૫૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે. આમ, કુલ ૨૮ મિલ્કતોને સીલ મારતા સ્થળ ઉપર કુલ રૂા.૨,૨૦,૧૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૬૯ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૩૧ એન્ટ્રીમાં રૂા.૬૦,૨૩૦/– અને આર.સી.ની. ૩૮ એન્ટ્રીમાં રૂા.૩,૪૯,૪૦૦/– મળી કુલ રૂા.૪,૦૯,૬૩૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૧ એન્ટ્રીમાં રૂા.૨૦/–, રીન્યુઅલની ૧૦ એન્ટ્રીમાં રૂા.૬૦૦/– અને દંડની રકમની ૦૪ એન્ટ્રીમાં રૂા.૯૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૦૭ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૦૩ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૩ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૪૮ ફાઈલોના રૂા.૨૫,૧૮,૪૪૭/– ની વસુલાત કરવામાં આવેલ.

જમીન મિલ્કત વિભાગ દ્વારા EWS આવાસ વસુલાત રૂા.૧,૦૦,૩૮૦/–, મિલ્કત ભાડાના રૂા.૯,૮૪૦/–, દબાણ ચાર્જના રૂા.૮,૮૯૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૧,૭૭૩/– મળી કુલ રૂા.૧,૨૦,૮૮૩/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા ધ્વારા ૪૫ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

## બાકી મિલ્કત વેરો ભરપાઈ ન થતાં સેન્ટ્રલ ઝોનના કર્મચારીઓ ધ્વારા વેરા વસુલાતની ઘનિષ્ઠ ઝુંબેશ હાથ ધરવામાં આવી.

તા.૨૩–૩–૨૦૧૫ થી ૨૫–૩–૨ક૦૧૫ દરમ્યાન સુરત મહાનગરપાલિકા – સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ અને આસી.કમિશ્નરશ્રીની સુચના અને માર્ગદર્શન હેઠળ એસેસમેન્ટ એન્ડ રીકવરી વિભાગના કર્મચારીઓએ શહેરના ભાગાતળાવ, સીધીવાડ, ધાસ્તીપુરા, નાનપુરા, સગરામપુરા, ઝાંપાબજાર, બેગમપુરા, મહિધરપુરા, રામપુરા, સ્ટેશન વિસ્તારોમાં જુદી જુદી ટીમો બનાવી મિલકત વેરા ઝુંબેશરૂપે પેટે કુલ રૂા.૬૭,૬૪,૫૭૮/– ની વસુલાત કરેલ છે. તેમજ મિલકતવેરો નહીં ભરતાં ૩૧ મિલકતદારોની મિલકતો સીલ કરવામાં આવેલ છે. તેમજ ૧૪ મિલકતોમાં નળ કનેકશન કાપવામાં આવેલ છે.

આ સમયગાળા દરમ્યાન વ્યવસાય વેરા પેટે કુલ રૂા.૧૬,૩૯,૭૩૨/– ની વસુલાત કરવામાં આવેલ છે જે પૈકી નવી આર.સી. સંસ્થા–૨૬ અને નવી ઈ.સી.સંસ્થા–૫૩ ની નોંધણી કરી વસુલાત કરવામાં આવેલ. આ ઝુંબેશ સતત ચાલુ રાખી બાકી મિલકતદારોની મિલકતો હરાજીમાં વેચાણ કરી બાકી મિલકતવેરા વસુલવાનું આગામી આયોજન કરવામાં આવેલ છે તથા બાકી મિલકતદારોની મિલકતોને ટાંચમાં લઈ નળ અને ડ્રેનેજ કનેકશનો કાપવાની ઘનિષ્ઠ ઝુંબેશ શરુ કરવામાં આવેલ છે એવું મહાનગરપાલિકાની યાદીમાં જણાવવામાં આવેલ છે.

આથી તમામ કરદાતાઓને તાકીદ કરવામાં આવે છે કે, આપનો બાકી મ્યુ.વેરો તથા વ્યવસાય વેરો તાકીદે ભરપાઈ કરવા અનુરોધ છે.

TOP

**–:: પ્રેસનોટ ::–**

તા.૨૬.૦૩.૧૫ ના રોજ સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ તથા સુરત શહેર પોલીસના સંયુકત સહકારથી 'તમાકુ નિયંત્રણ અધિનિયમ – ૨૦૦૩ ' મુજબ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ પ્રતિબંધિત હોઈ જે અંતર્ગત અભિયાન હાથ ધરવામાં આવેલ. જે સંદર્ભે આજરોજ તમામ ઝોનમાં આવેલ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરતા ઈસમો સામે નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ. જેથી શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરનારાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

| ઝોન | શૈક્ષિણિક સંસ્થાની ૧૦૦વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટ વેચાણ કરતી સંસ્થાની સંખ્યા | શૈક્ષિણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા ઝડપાયેલ ઈસમોની સંખ્યા | જપ્ત કરવામાં આવેલ તમામ તમાકુ પ્રોડકટસની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ રૂા.માં |
|---|---|---|---|---|
| સેન્ટ્રલ | ૬૬ | ૪૧ | ૨૨૦ | ૮૨૦૦ |
| વરાછા | ૧૨૫ | ૪૭ | ૨૦૭ | ૯૪૦૦ |
| રાંદેર | ૨૯ | ૨૯ | ૫૬ | ૫૮૦૦ |
| કતારગામ | ૧૨૧ | ૯૯ | ૬૬૨ | ૧૯૮૦૦ |
| ઉધના | ૫૧ | ૪૦ | ૫૩૬ | ૭૯૫૦ |
| લિંબાયત | ૬૨ | ૬૨ | ૭૪૦ | ૧૨૪૦૦ |
| અઠવા | ૪૧ | ૨૬ | ૫૬૬ | ૫૨૦૦ |
| કુલ | ૪૯૫ | ૩૪૪ | ૨૯૮૭ | ૬૮૭૫૦ |

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના જાહેર બાગબગીચા ખાતા દ્વારા  વેસ્ટ ઝોન(રાંદેર) ના વિવિધ વિસ્તારમાં તા.૨૭/૦૩/૨૦૧૫ ના રોજ (૧) ટી.પી.સ્કીમ નં.૨૯ (રાંદેર),ફા.પ્લોટ નં.આર–૧૪,રામનગર,સરકારી વસાહત સામે શાંતિકુંજ બાગ ની લોકાર્પણવિધિ સવારે ૧૦:૦૦ કલાકે રાખવામાં આવેલ છે.(૨)ટી.પી.સ્કીમ નં.૧૧૭,પ્રશાંતનગર,નવસર્જન સ્કુલ સામે,શાંતિકુંજ બાગ ની લોકાર્પણવિધિ  સવારે ૧૦:૨૦ કલાકે રાખવામાં આવેલ છે.(૩)ટી.પી.સ્કીમ નં.૧૩ (અડાજણ),ફા.પ્લોટ નં.૧૭૦,અડાજણ હેલ્થ સેન્ટર ખાતે શાંતિકુંજ બાગ ની લોકાર્પણવિધિ સવારે ૧૦:૪૦ કલાકે રાખવામાં આવેલ છે.                (૪)ટી.પી.સ્કીમ નં.૩૧ (અડાજણ),ફા.પ્લોટ નં.૧૯૪,વિષ્ણુપાર્ક પાસે પેટ્રોલ પંપની સામેની ગલીમાં શાંતિકુંજ બાગ ની લોકાર્પણવિધિ  સવારે ૧૧:૦૦ કલાકે રાખવામાં આવેલ છે.(૫)ટી.પી.સ્કીમ નં.૩૨,ફા.પ્લોટ નં.૨,હરીધ્વાર સોસાયટી પાસે,ડી–માર્ટ સ્ટોરની ગલીમાં આવેલ પ્લોટમાં શાંતિકુંજ બાગ ની લોકાર્પણવિધિ સવારે ૧૧:૧૫ કલાકે રાખવામાં આવેલ છે

આ પાંચ શાંતિકુંજબાગો  કુલ રૂા.૫૧.૦૫ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલ છે.જેમાં વોકવે,ગઝેબો સહિતની સુવિધા ઉપલબ્ધ થશે તેમજ આ શાંતિકુંજ – શાંતિવન ની સુવિધાથી જાહેર જનતાને હરવા ફરવા માટે ની નવી જગ્યા મળી રહેશે.માન.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા ની અધ્યક્ષતામાં શાંતિકુંજ બાગની ઉદ્દ્ઘાટનવિધિ માન.અધ્યક્ષાશ્રી,ગૃહનિર્માણ અને ઉધાન સમિતિ શ્રીમતી દેવિકાબેન જાદવાણી ના વરદ્દહસ્તે કરવામાં આવશે. જે પ્રસંગે જાહેર જનતાને ઉપસ્થિત રહેવા સ્નેહભર્યુ નિમંત્રણ છે.

TOP

પ્રેસનોટ

ગાર્ડન ખાતુ

સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા પર્યાવરણ શુધ્ધિકરણના હેતુથી મહાનગરપાલિકા ખુલ્લા પ્લોટોમાં ડ્રેનેજ પંપીંગ સ્ટશનો, બાગબાગીચાઓ, હેલ્થ સેન્ટર, વોટર વર્કસ અને જાહેર મિલ્કતોમાં પણ મોટા પાયે વૃક્ષા રોપણની કામગીરી કરે છે. શહેરમાં ગ્રીન સ્પેસ તરીકે હાલમાં કુલ ૯ર બાગો અને ૩૫ શાંતીવન / શાંતિકુંજ મળી કુલ ૧ર૭ બાગબગીચાઓનો વિકાસ કરેલ છે અને આજે તા.ર૭/૦૩/૧૪ના રોજ વરીષ્ઠ નાગરીકો માટે વધુ પાંચ શાંતીવન / શાંતિકુંજ રાંદેર (વેસ્ટ) ઝોનમાં કુલ રૂા.૫૧.૦૫ લાખ ના ખર્ચે તૈયાર કરી મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાના પ્રમુખ સ્થાને ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિના અધ્યક્ષાશ્રીમતી દેવિકાબેન જાદવાણીના વરદ્ હસ્તે મુખ્ય મહેમાનશ્રીઓ ગુજારત હાઉસીંગ બોર્ડના અધ્યક્ષશ્રી વિવેકભાઈ પટેલ, મા.સાંસદશ્રીમતી દર્શનાબેન જરદોશ તેમજ અતિથિ વિશેષ મા.ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઈ મોદી, મા. સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવ શાહ, શાસક પક્ષ નેતાશ્રી કિશોરભાઈ બિદંલ તેમજ મ્યુ.સભ્યશ્રીઓ અને નગરજનોની હાજરીમાં લોકાર્પણ વિધી કરવામાં આવેલ છે. સદર લોકાર્પણ કાર્યક્રમ દરમ્યાન સ્થાનીક નગરજનો મોટી સંખ્યામાં હાજર રહેલ હતા.

**ઉદ્દઘાટન કરેલ શાંતીકુંજ / શાંતીવનની વિગત : —**

૧. રામનગર, ગુજરાત હાઉસીંગ બોર્ડ પાસે, રાંદેર, સુરત.

ર. પ્રશાંતનગર, નવસર્જન સ્કુલ પાસે, પાલનપુર, સુરત.

૩. અડાજણ હેલ્થ સેન્ટરના કમ્પાઉન્ડમાં, અડાજણ, સુરત.

૪. વિષ્ણુપાર્ક સોસાયટી પાસે, ચોરઆમલા પાસે, શેલ પેટ્રોલપંપની સામેની ગલીમાં, અડાજણ ગામ, અડાજણ, સુરત.

૫. ડી—માર્ટની ગલીમાં, હરીદ્વાર સોસાયટી પાસે, અડાજણ, સુરત.

આજ રીતે સુરત મહાનગરપાલિકા દર વર્ષે બહુજન હિતાય વધુ બાગો પર્યાવરણની જાળવણીના હેતુથી આગામી દિવસોમાં પણ જાહેર જનતાની સેવામાં નિયમિત રીતે વધુ બાગો / શાંતિવન / શાંતિકુંજના લોકાપર્ણ કરવામાં આવશે.

TOP

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૨૭.૦૩.૨૦૧૫ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એક્ટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૧૦૭** ફાઈલના **રૂા.૨૫.૯૨ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–**૦૭ લોકેશન(ખાડા)૩૪૦.૦૦ ચો.મી.** પેચવર્કની કામગીરી કરી કુલ **૨૧.૬૧૦** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. **કુલ–૦૫** લોકેશન(ખાડા) **૧૮૦.૦૦ ૨.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.**કુલ**–૦૯ લોકેશન **૨૬૫૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., રોડ પૈકીના દબાણ હેઠળ કુલ **:૨૭** લારી ગલ્લા ઉપાડવામાં આવેલ તથા પાણીના નવા કનેકશન **કુલ :૧૫૦** આપવામાં આવેલ તથા ટી.પી.૫૭(પાંડેસરા) નાં ૩૬.૦ મી. રોડમાં નડતરરૂપ ૧.૦ પહોળાઈના રોડ પર **૧૫૦ ૨.મી.** ઓટલા દૂર કરવામાં આવેલ છે. **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૧૧૪** છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **:૧૯૨** છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૪૨.૯૨** લાખ થયેલ છે.તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૪.૬૩** લાખ થયેલ છે.,**૦૬** EC તથા **૦૧** RC નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧૨૭૦/–** વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે **રૂા.૧૫૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.,**૧૯** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૦૨** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યા:**૩૯૬** છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યા:**૧૦૨** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ **:૧૬૪.૯૨** મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યા:**૩૦** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ: **રૂા.૫૪૦૦/–**છેતથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ :**૫૦૫૮** ઘર સર્વે કરવામાં આવેલ., કુલ:**૧૦૮૪૧** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યા: **૧૭** છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશન:**૨૯૬** કરવામાં આવેલ છે. જયારે **૦૯** નોટીસ આપવામાં આવેલ છે.

TOP

## સ્મીમેર હોસ્પીટલ–કોલેજ

## પ્રેસનોટ

૧. સ્મીમેર હોસ્પીટલમાં તા.૨૦/૦૩/૨૦૧૫ થી તા.૨૬/૦૩/૧૫ દરમ્યાન સારવાર લીધેલ પેશન્ટોની આંકડાકીય માહિતી.

| અ.નં. | વિગત | | દર્દીની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | આઉટડોર દર્દી | | ૧૦૭૪૧ |
| ૨ | દાખલ દર્દી | | ૯૫૮ |
| ૩ | એમ.એલ.સી.દર્દી | | ૩૪૧ |
| ૪ | આઈ.સી.યુ.વિભાગ | | ૪૨ |
| ૫ | ડીલીવરી | | ૧૩૦ |
| ૬ | ઓપરેશન | નાના | ૧૬૧ |
| | | મોટા | ૧૪૫ |
| ૭ | રેડીયોલોજી | | |
| | એક્ષ–રે | | ૨૭૭૮ |
| | સોનોગ્રાફી | | ૬૧૭ |
| | એમ.આર.આઈ. | | ૧૩૬ |
| | સી.ટી.સ્કેન | | ૧૧૩ |
| ૮ | એ.આર.વી. | નવા | ૮૭ |
| | | જુના | ૨૩૧ |
| ૯ | બ્લડ બેંક (યુનીટ) | ડોનર | ૨૨૯ |
| | | ઈસ્યુ | ૨૯૭ |
| ૧૦ | લેબોરેટરી | | ૨૩૨૧૬ |

વધુમાં મીલ્ક બેંક, આઈ બેંક વિગેરેની સુવિધા પણ ઉપલબ્ધ છે. જે ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા. ૨૧/૩/૧૫ થી તા. ૨૭/૩/૧૫ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૨૪૭૬ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૫૨ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૪૯ |
| ૪ | મેજર ઓપરેશન | ૩ |
| ૫ | માયનોર ઓપરેશન | ૧૬ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૩૯ |

TOP

## પ્રેસનોટ નોર્થઝોન (કતારગામ)
## સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૬/૦૩/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૬૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૮૧ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૬૨૫૦/– વસુલ લેવામાં આવેલ છે. ૫૧ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૪૫૬૬ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૨૧૧ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૯ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૬ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૭૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા સુમુલ ડેરી રોડ, વસ્તાદેવડી રોડ, કતારગામ દરવાજાથી બાળાશ્રમ, કુબેરનગર, પારસ સોસાયટી, ફુલપાડા નવી/જુની જી.આઈ.ડી.સી., વેડરોડ પંડોળ ઈન્ડ., કતારગામ ગામતળ, ડભોલી સિંગણપોર રોડ, બાપાસીતારામ ચોક, મગનનગર, વેડરોડથી પ્રાણનાથ, વિજયનગર, પ્રભુનગર, લક્ષ્મીકાંત આશ્રમ રોડ, ગજેરા રોડની સોસાયટી, કોસાડ વિગેરે વિસ્તારમાંથી કુલ ૩૫૨ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૧૬,૭૩,૩૭૪/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે તથા ૧૦ મિલ્કતોને ઈ.ડબલ્યુ.એસ. આવાસ કોસાડ ખાતે સીલ મારવામાં આવેલ છે જેની સ્થળ ઉપર રૂા.૧૯,૪૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે, ૦૫ મિલ્કત છાપરાભાઠા કતારગામ ખાતે સીલ મારવામાં આવેલ છે. જેની સ્થળ ઉપર રૂા.૫૮,૧૩૫/– ની વસુલાત કરવામાં આવેલ છે. આમ, કુલ ૧૫ મિલ્કતોને સીલ મારતા સ્થળ ઉપર કુલ રૂા.૭૭,૫૩૫/– ની વસુલાત કરવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૬૧ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૧૮ એન્ટ્રીમાં રૂા.૪૨,૨૪૦/– અને આર.સી.ની. ૪૩ એન્ટ્રીમાં રૂા.૩,૫૮,૧૪૦/– મળી કુલ રૂા.૪,૦૦,૩૮૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૨ એન્ટ્રીમાં રૂા.૪૦/–, રીન્યુઅલની ૧૭ એન્ટ્રીમાં રૂા.૭૬૦/– અને દંડની રકમની ૦૩ એન્ટ્રીમાં રૂા.૩૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૦૮ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૦૬ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૧ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

શહેર વિકાસ ખાતા દ્વારા આઈ.સી.ના નાણાં પેટે ફાયનલ ટી.પી. (વ્યાજ સહિત)ના રૂા.૧૨,૧૭૧/– તથા ડ્રાફટ ટી.પી.ના રૂા.૧૦,૬૩,૪૪૦/– ની વસુલાત કરવામાં આવેલ.

ઈમ્પેકટ ફી પેટે ૩૯ ફાઈલોના રૂા.૧૨,૫૪,૫૮૯/– ની વસુલાત કરવામાં આવેલ.

જમીન મિલ્કત વિભાગ દ્વારા EWS આવાસ વસુલાત રૂા.૧,૨૨,૦૦૦/–, મિલ્કત ભાડાના રૂા.૧,૪૦૪/–, હોર્ડીંગ્સ ચાર્જના રૂા.૫,૦૭૩, દબાણ ચાર્જના રૂા.૯,૩૪૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૭૩૭/– મળી કુલ રૂા.૧,૩૮,૫૫૪/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા ધ્વારા ૨૦ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

 

સુરત મહાનગરપાલિકાના જાહેર બાગબગીચા ખાતા દ્વારા  તા.૨૭/૦૩/૨૦૧૫ ના રોજ વેસ્ટ ઝોન(રાંદેર) ના વિવિધ વિસ્તારમાં શાંતિકુંજ–શાંતિવનની લોકાપર્ણવિધિ માન.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાના પ્રમુખ સ્થાને શ્રીમતિ દેવિકાબેન જાદવાણી માન.અધ્યક્ષાશ્રી ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિના વરદ્‌હસ્તે સંપન્ન કરવામાં આવી હતી. જેમાં વિવિધ (૧) ટી.પી.સ્કીમ નં.૨૯ (રાંદેર),ફા.પ્લોટ નં.આર–૧૪,રામનગર,સરકારી વસાહત સામે શાંતિકુંજ બાગની લોકાર્પણવિધિ સવારે ૧૦:૦૦ કલાકે (૨)ટી.પી.સ્કીમ નં.૧૧૭,પ્રશાંતનગર,નવસર્જન સ્કુલ સામે,શાંતિકુંજ બાગની લોકાર્પણવિધિ  સવારે ૧૦:૨૦ (૩)ટી.પી.સ્કીમ નં.૧૩ (અડાજણ),ફા.પ્લોટ નં.૧૭૦,અડાજણ હેલ્થ સેન્ટર ખાતે શાંતિકુંજ બાગની લોકાર્પણવિધિ  સવારે ૧૦:૪૦ કલાકે (૪)ટી.પી.સ્કીમ નં.૩૧ (અડાજણ),ફા.પ્લોટ નં.૧૯૪,વિષ્ણુપાર્ક પાસે પેટ્રોલ પંપની સામેની ગલીમાં શાંતિકુંજ બાગની લોકાર્પણવિધિ  સવારે ૧૧:૦૦ કલાકે (૫)ટી.પી.સ્કીમ નં.૩૨,ફા.પ્લોટ નં.૨,હરીધ્વાર સોસાયટી પાસે,ડી–માર્ટ સ્ટોરની ગલીમાં આવેલ પ્લોટમાં શાંતિકુંજ બાગ ની લોકાર્પણવિધિ સવારે ૧૧:૧૫ કલાકે આ પાંચ શાંતિકુંજ બાગો  કુલ રૂા.૫૧.૦૫ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલ છે.જેમાં વોકવે, ગઝેબો સહિતની વિવિધ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ તેમજ આ શાંતિકુંજ – શાંતિવનની સુવિધાથી જાહેર જનતાને હરવા ફરવા માટેની નવી જગ્યા મળી રહેશે. તેમજ તેમાં રહેલ કસરતના સાધનનો પણ આજના યુવાનો લાભ લઈ શકશે.

આ પ્રસંગે  માન. અધ્યક્ષશ્રી ગુજરાત હાઉસીંગ બોર્ડ શ્રી વિવેકભાઈ પટેલ,માન.સાંસદ શ્રીમતિ દર્શનાબેન જરદોશ, માન.ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઈ મોદી, માન. ડે.મેયર શ્રીમતિ રંજનબેન વેકરીયા, માન. અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ શ્રી નિરવ શાહ, માન. નેતાશ્રી શાસકપક્ષ શ્રી કિશોરભાઈ બિંદલ,વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ અને સદસ્યશ્રીઓ તેમજ ખૂબ બહોળી સંખ્યામાં જાહેર જનતા  ઉપસ્થિત રહેલ.

TOP

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૩૦.૦૩.૨૦૧૫ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૧૪૪** ફાઈલના **રૂ.૪૦.૪૦ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–**૦૭ લોકેશન(ખાડા)૪૭૦.૦૦ ચો.મી.** પેચવર્કની કામગીરી કરી કુલ **૨૬.૬૮૦** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. **કુલ–૦૫** લોકેશન(ખાડા) **૧૧૫.૦૦ ૨.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.**કુલ–૦૭** લોકેશન **૨૦૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે.,તથા પાણીના નવા કનેકશન **કુલ :૮૭** આપવામાં આવેલ તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા ૬૩ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા :૩૮૬ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂ.૯૨.૯૬** લાખ થયેલ છે.તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂ.૧૧.૮૦** લાખ થયેલ છે.,**૧૭** EC તથા **૧૯** RC નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂ.૧૨૭૦/–** વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે **રૂ.૩૦૦૫/–** વસુલ લેવામાં આવેલ છે.,૮૪ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૦૪** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ**૩૭૨** છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૯૯ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :**૧૫૭.૭૫** મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ**૨૮** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ **રૂ.૪૩૦૦/–**છેતથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ :**૧૦૩૭૬** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ**૨૩૭૩૭** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ **૪૩** છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ**૫૪૧** કરવામાં આવેલ છે. જયારે ૦૯ નોટીસ આપવામાં આવેલ છે. .તથા વહીવટી ખર્ચ પેટે **રૂ.૧૦,૫૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

**TOP**

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં આજ રોજ ટી.પી.સ્કીમ નં.૭ (આંજણા)માં કોર્મશિયલ હેતુ માટે કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામને દુર કરવા ડીમોલીશનની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) માં સમાવિષ્ટ ટી.પી.સ્કીમ નં.૭(આંજણા),ફા.પ્લોટ નં. ૧૭૪ ખાતેના સબ પ્લોટ નં. ૨૫ માં ટી.પી.રસ્તાને લાગુ ફ્રન્ટ માર્જીનના ભાગમાં મિલ્કતદાર/કબ્જેદાર દ્વારા ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ હતું. જે અન્વયે અગાઉ તા.૧૯/૦૨/૧૫ ના રોજ સદરહુ મિલ્કતમાં ગેરકાયદેસર બાંધકામનું ડીમોલીશન હાથ ધરવામાં આવેલ તેમજ મિલ્કતદાર / કબ્જેદારને ગેરકાયદેસર બાંધકામ ન કરવા વારંવાર ચેતવણી આપવામાં આવેલ.તેમ છતા મિલકતદારશ્રીને આપવામાં આવેલ ચેતવણી તેમજ તેઓ દ્વારા સદર બાંધકામ સ્વૈચ્છિક રીતે દુર કરવા અગાઉ આપવામાં આવેલ લેખિત સંમતિપત્રકને અવગણીને બાંધકામ ચાલુ રાખવામાં આવેલ. જેથી આજ તા.૩૦/૦૩/૧૫ ના રોજ ૧૪ ફુટ × ૬ ફુટ માપવિસ્તારમાં ગ્રા.ફલોર તથા બે માળ મળી આશરે ૫૦૦ ચો.ફુટ ચણતર કામ તેમજ ૨૫૦ ચો.ફુટ જેટલા આર.સી.સી. સ્લેબ સહિતનું ગેરકાયદેસર બાંધકામ સ્થળ પરથી દુર કરવામાં આવેલ છે.સદર ટી.પી.રસ્તાને લાગુ બાંધકામ દુર કરવામાં આવતા ગેરકાયદેસર છાપરા બાંધી ટી.પી.રસ્તા ઉપર દબાણ કરવાની પ્રવૃતિ પર રોક લાગશે.

સદરહુ કામગીરીમાં જે.સી.બી. મશીન નંગ–૦૧ તથા સુરત મહાનગરપાલિકાના લિંબાયત ઝોન કચેરીનો ટેકનીકલ વિભાગ / દબાણ ખાતાનો સ્ટાફ, પ્રાઈવેટ એજન્સીના ૧૫ માણસો, ડેપ્યુટી ઈજનેરો રોકાયેલ છે.

TOP

પ્રેસનોટ

નોર્થઝોન (કતારગામ)

સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૭/૦૩/૨૦૧૫ થી તા.૨૯/૦૩/૨૦૧૫ સુધી કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૮૧૫ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૧૨૪ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૫૩૫૦/– વસુલ લેવામાં આવેલ છે. ૧૧૬ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૫૩૬૬ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૨૦૧ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૯ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૬ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૧૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા સુમુલ ડેરી રોડ, વસ્તાદેવડી રોડ, કતારગામ દરવાજાથી બાળાશ્રમ, કુબેરનગર, પારસ સોસાયટી, ફુલપાડા નવી/જુની જી.આઈ.ડી.સી., ડભોલી, સિંગણપોર, વેડરોડ પંડોળ ઈન્ડ.વિ., ડભોલી સિંગણપોર રોડ બાપાસીતારામ ચોક, મગનનગર, વેડરોડથી પ્રાણનાથ, વિજયનગર, પ્રભુનગર, અખંડ આનંદ સ્કુલની સામેનો વિસ્તાર ત્રિલોકનગર, મીનાનગર, લક્ષ્મીકાંત આશ્રમ રોડ, ગજેરા રોડની સોસાયટી, કોસાડ, ઈ.ડબલ્યુ.એસ. આવાસ કોસાડ, ઉત્રાણ વિગેરે વિસ્તારમાંથી કુલ ૯૯૫ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૪૧,૮૮,૪૫૦/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે તથા ૨૦ મિલ્કતોને ઈ.ડબલ્યુ.એસ. આવાસ કોસાડ ખાતે સીલ મારવામાં આવેલ છે જેની સ્થળ ઉપર રૂા.૧,૧૭,૪૫૦/– ની વસુલાત કરવામાં આવેલ છે, ૦૨ મિલ્કત કુબેરનગર, વેડ દરવાજા ખાતે સીલ મારવામાં આવેલ છે. જેની સ્થળ ઉપર રૂા.૬૭,૪૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે. આમ, કુલ ૨૨ મિલ્કતોને સીલ મારતા સ્થળ ઉપર કુલ રૂા.૧,૮૪,૮૫૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૭૨ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૩૨ એન્ટ્રીમાં રૂા.૮૧,૨૪૦/– અને આર.સી.ની. ૪૦ એન્ટ્રીમાં રૂા.૫,૩૫,૮૫૪/– મળી કુલ રૂા.૬,૧૭,૦૯૪/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૧ એન્ટ્રીમાં રૂા.૨૦/–, રીન્યુઅલની ૨૪ એન્ટ્રીમાં રૂા.૧૨૫૦/– અને દંડની રકમની ૧૦ એન્ટ્રીમાં રૂા.૨૨૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૨૮ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૦૯ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૯ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

શહેર વિકાસ ખાતા દ્વારા આઈ.સી.ના નાણાં પેટે ફાયનલ ટી.પી. (વ્યાજ સહિત)ના રૂા.૨,૮૩૨/– ની વસુલાત કરવામાં આવેલ.

ઈમ્પેકટ ફી પેટે ૬૧ ફાઈલોના રૂા.૨૫,૭૩,૫૫૩/– ની વસુલાત કરવામાં આવેલ.

જમીન મિલ્કત વિભાગ દ્વારા EWS આવાસ કોસાડ વસુલાત રૂા.૧,૩૫,૦૯૪/–, હોકીંગ ઝોન રૂા.૩,૬૦૦/–, મંડપ ચાર્જના રૂા.૧૨,૫૮૫, દબાણ ચાર્જના રૂા.૪,૪૮૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૧,૩૫૦/– મળી કુલ રૂા.૧,૫૭,૧૦૯/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા ધ્વારા ૨૧ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા જાહેર આરોગ્ય વિભાગ

## સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે મે.કમિશ્નરશ્રીના આદેશ અનુસાર તા.૨૩/૦૩/૨૦૧૫ થી તા.૨૯/૦૩/૨૦૧૫ સુધીના સમયગાળા દરમ્યાન ખાસ ઝુંબેશ સ્વરૂપે ફુડ વિભાગ અને ઝોનના આરોગ્ય વિભાગના સુપરવાઈઝર સ્ટાફ મારફતે વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી સંદર્ભે હોટલો, ભોજનાલયો, રેસ્ટોરન્ટ, મેશ, ખાણી–પીણીની લારીઓ પર વેચાતા ખાદ્ય પદાર્થના ચેકીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ.

આ અભિયાન દરમ્યાન ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતી કુલ ૧૯૬૨ હોટલો, ભોજનાલયો, રેસ્ટોરન્ટ, મેશ, ખાણી–પીણીની લારી વિગેરે સંસ્થાઓ ચેક કરવામાં આવેલ છે તથા વિવિધ ખામી / ઉણપો બદલ ૩૬૯ નોટીસ પાઠવી, સાઉથ વેસ્ટમાં ૦૨ સંસ્થા / લારી બંધ કરાવી, કુલ રૂા.૨,૬૩,૬૫૦/– વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. વધુમાં, આ અભિયાન દરમ્યાન કુલ ૨૩૨.૫૦૦ કિ.ગ્રા. અખાદ્યપદાર્થનો નાશ કરવામાં આવ્યો, જયારે ૪૫.૩૫૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો.

TOP

## પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી

## પૂર્વ(વરાછા)ઝોનમાં પુણા વિસ્તારમાં ડીમોલીશન અંગેની કામગીરી.

ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૬૦(પુણા) ના બ્લોક નં. ૩૯૫ પૈકી ફા.પ્લોટ નં. ૧૬૭/બી માં આવેલ વૈભવ રેસીડેન્સીના મંજુર પ્લાનના માર્જીનમાં તથા પાર્કીંગની જગ્યામાં ગેરકાયદેસર રીતે બનાવેલ ગોડાઉન, વોચમેન કેબીન તથા એપાર્ટમેન્ટની ઓફીસનું આશરે ૭૦૦.૦૦ ફુટ માપ વિસ્તારમાં કરેલ બાંધકામ  તેમજ આ જ ટી.પી. સ્કીમના બ્લોક ૩૯૫ પૈકી ના ફા.પ્લોટ નં. ૧૬૭/એ–બી માં આવેલ વૈભવ રેસીડેન્સી તથા શ્રી રેસીડેન્સી અને બ્લોક નં. ૩૯૨, ફા.પ્લોટ નં.૧૬૪ માં આવેલ પંચનાથ એપાર્ટમેન્ટ માં આવેલ દુકાનોના માર્જીનની જગ્યમાં સ્ટીલ  ફેબ્રીકેશન તથા પતરાના શેડનું ગેરકાયદેસર આશરે ૮૦૦૦.૦૦ ચો.ફુટ માપ વિસ્તારનું બાંધકામ કરેલ જે આજ રોજ તોડીને માર્જીનની જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

વધુમાં આજ ટી.પી. ના બ્લોક નં. ૩૯૬, ફા.પ્લોટ નં.૧૬૮/બી મહાલક્ષ્મી સોસાયટી વિ–સી ના સી.ઓ.પી.માંથી પસાર થતી એચ.ટી. લાઈનની અસરમાં આવતા ગ્રાઉન્ડ ફલોરના કોલમો દુર કરવામાં આવેલ છે.

ઉકત કામગીરી કાર્યપાલક ઈજેનરશ્રી, પૂર્વઝોનના માર્ગદર્શન અને રાહબરી હેઠળ પૂર્વઝોનના ઈજનેરી સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ દ્વારા પાર પાડવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા જાહેર આરોગ્ય વિભાગ

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા સાત ઝોન વિસ્તારની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અલગ–અલગ સાત એજન્સીઓને સોંપવામાં આવેલ છે. મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અને ''સ્વચ્છ ભારત અભિયાન'' અંતગર્ત શહેરની સ્વચ્છતા–સફાઈની ગુણવત્તા હજી વધારે સુધારી શકાય તે માટે સવારની શીફટ દરમ્યાન શહેરનાં રહેણાંક વિસ્તારોમાં, જયારે સાંજના સમયે કોમર્શીયલ વિસ્તારોમાં કરાવવામાં આવતી ડોર ટુ ડોર ગાર્બેજ કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે હેતુસર વિવિધ એજન્સીઓ દ્વારા તા.૨૩/૦૩/૨૦૧૫ થી તા.૨૯/૦૩/૨૦૧૫ દરમિયાન કરવામાં આવેલ આ કામગીરીનું ઘનિષ્ઠ ચેકીંગ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન આ કામગીરીમાં આચરવામાં આવેલ વિવિધ અનિયમિતતા જેવી કે, (૧) જે–તે રૂટના તમામ રહેણાંક અને કોમર્શીયલ યુનિટો કવર કરવામાં આવેલ ન હોઈ, (૨) જે–તે રૂટની કામગીરી નિર્ધારિત સમયે શરૂ કરવામાં આવેલ ન હોઈ, (૩) બ્રેક–ડાઉન થયેલ વાહનના બદલામાં અન્ય વાહન નિયત સમયમાં ફાળવેલ ન હોઈ, (૪) વાહન દીઠ ૦૨ સ્વચ્છતા મિત્રો ફાળવેલ ન હોઈ, (૫) નિયત રૂટને બદલે અન્ય રૂટ પરથી ગાર્બેજનું એકત્રિકરણ કરવામાં આવતું હોઈ અથવા ગાર્બેજ સિવાયનું અન્ય મટીરીયલ્સ એકત્રિત કરવામાં આવતું હોઈ, (૬) કચરો અલગ કરી, કોળથા/બેગ/થેલામાં એકત્રિત કરી, કોળથા/બેગ/થેલા વાહન ઉપર લટકાવવામાં આવેલ હોઈ, (૭) કામગીરીમાં રોકાયેલ એજન્સી તમામ કર્મચારીઓ દ્વારા યુનીફોર્મ કે સેફટીના સાધનો (માસ્ક, ગમબુટ, ગ્લોઝ વિ.) પહેરલ ન હોઈ અથવા આઈ કાર્ડ રાખવામાં આવેલ ન હોઈ, તથા (૮) નિયત કરેલ સુપરવાઈઝરો ફાળવવામાં આવેલ ન હોઈ વિગેરે અનિયમિતતા બદલ સેન્ટ્રલઝોન – રૂા.૯,૩૦૦/–, વેસ્ટઝોન – રૂા.૮,૬૪૦/–, સાઉથઝોન – રૂા.૧૪,૦૧૦/–, સાઉથ–ઈસ્ટઝોન – રૂા.૯,૩૦૦/–, સાઉથ–વેસ્ટઝોન – રૂા.૧,૩૦૦/–, નોર્થઝોન – રૂા.૭,૦૦૦/– અને ઈસ્ટઝોન – રૂા.૨૫,૮૦૦/– મળી તમામ ઝોનની જુદી–જુદી એજન્સીઓ પાસેથી કુલ **રૂા.૭૫,૩૫૦/–** પેનલ્ટી વસુલવામાં આવેલ છે. કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે માટે, દૈનિક કામગીરીમાં ઈજારદાર દ્વારા રોકવામાં આવતા વાહનો તથા સ્વચ્છતા મિત્રોની સંખ્યાની નોંધણી જે–તે વોર્ડ ઓફિસો પર કરાવી, તેની માહિતી વાયરલેસ મારફતે ઝોન કંટ્રોલમાં રોજે–રોજ આપવામાં આવે છે, તેમજ તે અંગેનું મોનીટરીંગ નિયમિતપણે સંબંધિત ઝોનના નાયબ આરોગ્ય અધિકારી દ્વારા કરવામાં આવે છે.

TOP

## પ્રેસનોટ

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં સમાવિષ્ટ શહેર વિકાસના કામમાં નડતરરૂપ નવું રાજીવનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૧,પટેલવાડી ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૧૩, જુનું રાજીવનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૧, અટલજીનગર ઝુંપડપટ્ટી (એસ.ઈ.બી.સી.) ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૪, અટલજીનગર ઝુંપડપટ્ટી(ડી.સી.) ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૪, જનતાનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૭૧, નિખાલસનગર (બી.આર. ટી. એસ.) ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૨,નીચલીવાડી વેડ માન્ય યાદીના–૦૫ તથા જે.પી.નગરના માન્ય યાદીના–૩૫૮ લાભાર્થીઓ મળી કુલ –૪૫૯ લાભાર્થીઓને ટી.પી.૧૪(પાલ) ફા.પ્લોટ નં. ૧૬૫ (૧૫ લાભાર્થીઓ), ટી.પી. ૩૨ (અડાજણ) ફા.પ્લોટ નં. ૨૦ (૩૩૩ લાભાર્થીઓ), ટી.પી. ૩૨ (અડાજણ) ફા.પ્લોટ નં. ૫૦ (૧૦૩ લાભાર્થીઓ), ટી.પી.નં.૫૪(ભેસ્તાન) ફા.પ્લોટ નં. ૧/એ (૦૩ લાભાર્થીઓ), તથા મોજે જહાંગીરાબાદ બ્લોક નં.૨૪૩ (૦૫ લાભાર્થીઓ), ને સંપૂર્ણ સુવિધાયુકત બે રૂમ, રસોડુ, સંડાશ, બાથરૂમની સગવડવાળા JnNURM-BSUP અંતર્ગતના આવાસોમાં સ્થળાંતર કરવાની કાર્યવાહીના ભાગરૂપે આવાસો ફાળવવાનો ડ્રો તા. ૩૦.૦૩.૨૦૧૫ ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે સીંગણપોર મલ્ટીપર્પઝ હોલ ખાતેનોર્થ ઝોન (કતારગામ) ના તથા સ્લમ અપગ્રેડેશન વિભાગના અધિકારી / કર્મચારીઓની તેમજ સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિના ચેરપર્સન શ્રીમતિ મીતાબેન અનિલભાઈ ચૌહાણની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ છે. સંપૂર્ણ સુવિધાયુકત આવાસોમાં સ્થળાંતર થયેથી સદર ઝુંપડાવાસીઓનું જીવનધોરણ ઉચુ લાવી શકાશે.

TOP

## પ્રેસનોટ સાઉથઝોન(ઉધના)

## સુરત મહાનગરપાલિકા

**તા.૩૧.૦૩.૨૦૧૫ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગુડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૨૩૫** ફાઈલના **રૂ.૪૧.૯૩ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–**૦૩ લોકેશન(ખાડા)૧૧૦.૦૦ ચો.મી.** પેચવર્કની કામગીરી કરી કુલ **૭.૦૪૦** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. **કુલ–૦૪** લોકેશન(ખાડા) **૧૧૦.૦૦ ૨.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.**કુલ–૧૦** લોકેશન **૪૮૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., રોડ પૈકીના દબાણ હેઠળ કુલ **:૧૦** લારી ગલ્લા ઉપાડવામાં આવેલ તથા પાણીના નવા કનેકશન **કુલ :૩૮** આપવામાં આવેલ તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૧૫૧** છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **:૯૨** છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂ.૧૯૦.૬૭** લાખ થયેલ છે.તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂ.૪૪.૧૩** લાખ થયેલ છે.,૦૬ EC તથા ૦૯ RC નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂ.૩૧૭૯/–** વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે **રૂ.૧૯૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.,૯૯ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૬ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યા:**૩૮૨** છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યા:**૧૦૩** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :**૧૫૪.૦૬** મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યા:**૨૧** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ **રૂ.૪૮૦૦/–**છેતથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ :**૫૩૮૬** ઘર સર્વે કરવામાં આવેલ., કુલ:**૧૨૨૪૭** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ **૪૨** છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ**૨૫૦** કરવામાં આવેલ છે. જયારે **૧૭૨** નોટીસ આપવામાં આવેલ છે. .તથા વહીવટી ખર્ચ પેટે **રૂ.૧૩૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

**TOP**

## પ્રેસનોટ નોર્થઝોન (કતારગામ)
## સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૩૦/૦૩/૨૦૧૫ નાં રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૮૧ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૫૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૫,૯૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૦ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૪૮૧૮ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૧૪૨ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૧૯ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૧૪ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૨,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કતારગામ દરવાજાથી બાળાશ્રમ, કુબેરનગર, પારસ સોસાયટી, સિંગણપોર, વેડરોડ પંડોળ ઈન્ડ.વિ.,કતારગામ ગામતળ, ડભોલી સિંગણપોર રોડ બાપાસીતારામ ચોક, મગનનગર, વેડરોડથી પ્રાણનાથ, વિજયનગર, પ્રભુનગર, અખંડ આનંદ સ્કુલની સામેનો વિસ્તાર ત્રિલોકનગર, મીનાનગર, લક્ષ્મીકાંત આશ્રમ રોડ, ગજેરા રોડની સોસાયટી, કોસાડ, ઉત્રાણ વિગેરે વિસ્તારમાંથી કુલ ૫૩૭ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૨૩,૨૧,૦૬૪/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે તથા ૧૫ મિલ્કતોને ઈ.ડબલ્યુ.એસ. આવાસ કોસાડ ખાતે સીલ મારવામાં આવેલ છે જેની સ્થળ ઉપર રૂા.૭૫,૩૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે, ૦૮ મિલ્કત કુબેરનગર, વેડ દરવાજા ખાતે સીલ મારવામાં આવેલ છે. જેની સ્થળ ઉપર રૂા.૨,૦૦,૭૫૨/– ની વસુલાત કરવામાં આવેલ છે. આમ, કુલ ૨૩ મિલ્કતોને સીલ મારતા સ્થળ ઉપર કુલ રૂા.૨,૭૬,૦૫૨/– ની વસુલાત કરવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૧૧૧ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૪૩ એન્ટ્રીમાં રૂા.૧,૨૨,૨૪૦/– અને આર.સી.ની. ૬૮ એન્ટ્રીમાં રૂા.૭,૮૨,૫૭૮/– મળી કુલ રૂા.૯,૦૪,૮૧૮/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા રીન્યુઅલની ૩૪ એન્ટ્રીમાં રૂા.૧,૯૨૦/– અને દંડની રકમની ૧૧ એન્ટ્રીમાં રૂા.૨,૪૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૨૩ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૦૩ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૩ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી. નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૫૩૩/– ચાર્જ વસુલ લીધેલ.

ઈમ્પેકટ ફી પેટે ૮૦ ફાઈલોના રૂા.૧૭,૩૨,૪૫૯/– ની વસુલાત કરવામાં આવેલ.

જમીન મિલ્કત વિભાગ દ્વારા EWS આવાસ વસુલાત રૂા.૧,૫૧,૩૧૨/–,મિલ્કત ભાડાના રૂા. ૨,૦૪૦/–, મંડપ ચાર્જના રૂા.૫૦૬/–, દબાણ ચાર્જના રૂા.૮,૫૩૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૫,૧૭૪/–, હોડીંગ્સ સર્વીસ ટેક્ષ રૂા. ૭,૭૪૨/– મળી કુલ કુલ રૂા. ૧,૭૫,૩૦૪/– ની વસુલાત કરવામાં આવેલ છે.દબાણ ખાતા ધ્વારા ૦૯ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા પશ્ચિમ ઝોન(રાંદેર)

## પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન(રાંદેર) વિસ્તામાં મુખ્ય રસ્તાઓ પર રોડ, ફૂટપાથ તેમજ ફ્રન્ટ માર્જીનમાં અનઅધિકૃત રીતે હોર્ડિંગ્સ, લારી–ગલ્લા, કેબીન, છાપરા વિગેરે દબાણ થયેલાં હોય જેને પરિણામે રોડ પર ટ્રાફિકની ગંભીર સમસ્યાઓ થાય છે જેને ધ્યાને લઈ તેને દૂર કરવાની ઝુંબેશ તા.૩૦/૦૩/૨૦૧૫ અને તા.૩૧/૦૩/૨૦૧૫ના રોજ રાંદેર રોડની બંને સાઈડે કોમર્શીયલ મિલ્કતોમાં આગળનાં માર્જીનવાળા / પાર્કીગવાળા ભાગમાં ઓટલાના લેવલ નીચા કરાવીને ફૂટપાથનાં લેવલ પર કરવા માટે દબાણ દૂર કરેલ તેમજ અનઅધિકુત રીતે હોર્ડિંગ્સ, લારી–ગલ્લા, કેબીન તેમજ છાપરા વિગેરે દબાણ દૂર કરવની કામગીરી કરવામાં આવેલ છે. જેની ટૂંકી વિગત નીચે મુજબ છે.

| ક્રમ | કામગીરીનો પ્રકાર | મિલ્કતની સંખ્યા | નંગ | એકમ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | હોર્ડિંગ્સ / બોર્ડ | ૧૦ | ૧૦ | નંગ | |
| ૨ | લારી–ગલ્લા | - | ૧૮ | નંગ | |
| ૩ | પતરાનાં શેડ | ૧૦ | ૧૦ | નંગ | |
| ૪ | ઓટલા | ૦૧ | - | ૧૦૦.૦૦ ચો.ફૂટ | |

આમ, પશ્ચિમ ઝોન(રાંદેર) ધ્વારા રાંદેર મેઈન રોડ પર ઉકત કામગીરી મહદઅંશે પૂર્ણ કરવામાં આવી.

**શિડયુલ**

| ક્રમ | મેઈન રોડનું નામ | સુ.મ.પા. ધ્વારા દબાણ દૂર કરવામાં આવનાર ટેન્ટીટીવ તારીખ | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | **આનંદ મહલ રોડ** | તા.૦૧/૦૪/૨૦૧૫ | (૧) સ્વૈચ્છિક રીતે દબાણ દૂર કરવાની આખર તારીખ વીતી ગયેલ છે.<br>(૨)સદર દબાણ દૂર કરવાની કામગીરી દરમ્યાન વહીવટી ચાર્જ જે તે મિલ્કતદારો પાસેથી વસુલ લેવામાં આવશે. |
| ૨ | **એલ.પી.સવાણી રોડ**<br>એલ.પી.સવાણી સ્કુલથી સ્ટાર મોલ સુધી | તા.૧૦/૦૪/૨૦૧૫ | |
| ૩ | **હનીપાર્ક રોડ**<br>(રોડની બંને સાઈડ) પ્રાઈમ આર્કેડથી એલ.પી.સવાણી સ્કુલ સુધીનો | તા.૨૩/૦૪/૨૦૧૫ | |

ઉપરોકત કરવામાં આવેલ કામગીરી તથા ઉકત શીડયુલ મુજબ હવે પછી કરવામાં આવનાર દબાણ દૂર કરવાની કામગીરી એડી. સીટી ઈજનેરશ્રીની સૂચના અન્વયે કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન તેમજ તેમની સીધી દેખરેખ હેઠળ પશ્ચિમ ઝોન(રાંદેર)નો સંયુકત સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે / આવનાર છે.

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) હેઠળ આવતા સુરત કડોદરા મુખ્ય માર્ગ પર આજરોજ દબાણ ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ છે. સદર દબાણ ઝુંબેશમાં ઝોનના વડાશ્રી જે.કે.શાહ,કાર્યપાલક ઈજનેરશ્રી આર.સી.જરીવાલા,ડે.ઈજનેરશ્રીઓ શહેર વિકાસનો સ્ટાફ તથા ઝોનનો દબાણ સ્ટાફ તથા ખાનગી ઈજારદારોના બેલદારો મળી કુલ ૩૦ થી વધુ બેલદારોની ટીમ દ્વારા જે.સી.બી.મશીન તથા ટ્રકોની મદદથી રસ્તા પર તથા માર્જીનમાં કરવામાં આવેલ દબાણો દુર કરવાની કામગીરી કરવામાં આવેલ.સદર કામગીરીમાં ટ્રાફિક પોલીસ તથા પુણા પોલીસ સ્ટેશનના સ્ટાફનો સહયોગ મેળવવામાં આવેલ. સૌપ્રથમ સુરત બારડોલી રોડ પર આવેલ કિરણ મોટર્સ ખાતે કામગીરી શરૂ કરવામાં આવેલ જેમાં કિરણ મોટર્સ દ્વારા સર્વિસ તથા રીપેરીંગ અર્થે આવેલ વાહનોને રોડ પર મૂકી મોટા પાયે દબાણ કરવામાં આવેલ. સદર વાહનોને ટ્રાફિક પોલીસની ક્રેનની મદદથી ઉંચકી લઈ જપ્ત કરવામાં આવેલ તેમજ કિરણ મોટર્સના ટી.પી.રોડ માર્જીન તથા સાઈડ માર્જીનમાં મોટા પાયે દબાણો કરવામાં આવેલ હોવાથી પાર્કિંગની જગ્યા ઉપલબ્ધ ન હોવાથી રોડ પર પાર્કિંગ થતું હોવાનું ધ્યાને આવતા સદર માર્જીનના દબાણ દુર કરવાની કાર્યવાહી કરવામાં આવેલ. તેમજ સદર બાંધકામો દુર કરી પતરા,એન્ગલો તથા અન્ય સામાન જપ્ત કરવામાં આવેલ. ત્યારબાદ કિરણ મોટર્સની બાજુમાં આવેલ ફુડકોર્ટ રેસ્ટોરન્ટ દ્વારા સુરત મહાનગરપાલિકાની પરવાનગી વગર માર્જીનની જગ્યામાં બાંધકામ કરી તેમજ પાર્કિંગની જગ્યા છોડયા વગર રેસ્ટોરન્ટ શરૂ કરી દેવામાં આવેલ જણાયેલ તેમજ સદર રેસ્ટોરન્ટમાં વારંવાર ગંદકીનું સામ્રાજય જણાતું હોવાથી સદર રેસ્ટોરન્ટ બંધ કરવાનો આદેશ કરવામાં આવેલ તેમજ માર્જીનમાં થયેલ બાંધકામ દુર કરવાની કામગીરી કરવામાં આવેલ તદુપરાંત પૂણા કુંભારીયા કો.ઓ. ફ્રટ અને વેજીટેબલ કો.ઓ.સોસાયટી લિ.ની જગ્યામાં ગેરકાયદેસર કબ્જો કરી બેઠેલા ખાણીપીણીના સ્ટોલ તેમજ દબાણ દુર કરવામાં આવેલ.સદર કામગીરીનું સુરત મહાનગરપાલિકાના જાહેર રસ્તા પર પાર્કિંગ કરતા તેમજ પાર્કિંગની જગ્યા ન છોડી માર્જીનમાં બાંધકામ કરતા તત્વો સામે દાખલારૂપ ઉદાહરણ પુરુ પાડવામાં આવેલ છે. સદર કામગીરીને કારણે આશરે ૪૦૦૦ ચો.ફુટ થી વધારે માર્જીનલ સ્પેસ ખુલ્લી કરવામાં આવેલ તેમજ રસ્તા પર બનાવવામાં આવેલ રેમ્પ તથા ઓટલાઓનું ૧૦૦૦ ચો.ફુટ જેટલુ દબાણ દુર કરવામાં આવેલ તેમજ સદર કામગીરી માટે રૂા.૫,૦૦,૦૦૦/–જેટલી માતબર રકમ દંડ પેટે વસુલ લેવામાં આવેલ. સદર કામગીરીને કારણે સુરત બારડોલી રોડ પરના વર્ષો જુના દબાણો દુર થતા આમજનતામાં હર્ષની લાગણી વ્યાપી ગયેલ.

TOP

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા ચોકબજાર નજીક તાપી નદી પર ચોક અને અડાજણ વિસ્તારને જોડતા નહેરૂપુલની બાજુમાં ડાઉન સ્ટ્રીમમાં આવેલ હોપપુલની જગ્યાએ નવનિર્મિતપુલની લોકાર્પણવિધિ માન.મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ માન. મા.મંત્રીશ્રી નાણાં,ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ,ખાણ અને ખનીજ, કુટિર ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ, છાપકામ અને લેખન સામગ્રી, આયોજન પ્રવાસન, નાગરિક ઉડ્ડયન, શ્રમ અને રોજગાર, ગુજરાત રાજય અને સુરત શહેર અને જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી ના વરદ્હસ્તે તા.૦૩/૦૪/૨૦૧૫ ના રોજ બપોરે ૦૩:૩૦ કલાકે રાખવામાં આવેલ છે.

સુરત શહેરમાં તાપી નદીને પેલે પાર આવવા જવા સારૂં સર્વ પ્રથમ ૧૮૭૬ માં ચોક બજાર નજીક એક પુલ બાંધવામાં આવ્યો હતો જે હોપ પુલ તરીકે જાણીતો છે.તે બંધાયા બાદ તાપી નદીમાં અવારનવાર નાની મોટી રેલો આવવાથી તે પુલના કેટલાંક પાયાને નુકશાન થતાં અને તેને કારણે તે પુલ વાહનવ્યવહાર માટે સલામત અને યોગ્ય ન જણાતા તેની બાજુમાં નવો આર.સી.સી. નો પુલ ૧૯૬૬ માં સરકારશ્રી તરફથી બાંધવામાં આવ્યો હતો જે નહેરૂ પુલ તરીકે જાણીતો છે.

હોપ પુલ વાહનવ્યવહાર માટે સલામત ન હતો વળી પુના ખાતેની સેન્ટર વોટર પાવર રીસર્ચ સ્ટેશનએ કરેલ મોજણી અને અભ્યાસ મુજબ આ હોપપુલ જે તે સ્થિતિમાં લાંબો સમય રાખવામાં આવે તો તે નહેરૂપુલના પાયાને પણ નુકશાન કરી શકે તેમ હતુ આથી સરકારશ્રીએ હોપપુલ દૂર કરવાનું નકકી કર્યું હતુ પરંતુ તે સુરત મહાનગરપાલિકાની રજુઆત ધ્યાને લઈ આ હોપ પુલના બે ગાળા દૂર કરી બાકીનો પુલ ફકત રાહદારીઓના ઉપયોગ સારૂં રહેવા દેવા, કેટલીક શરતો સાથે સરકારશ્રીએ ૧૯૭૨ માં આપ્યો હતો. જે મુજબ આ પુલ રાહદારીઓ માટે ઉપયોગમાં લેવામાં આવતો હતો.સુરત શહેરમાં આવેલા પુલ દરિયાની નજીકમાં હોવાથી ભરતી અને દરિયાઈ પવનોને કારણે આ પુલના લોખંડના સ્ટ્રકચરલ મેમ્બર્સને વર્ષ ૨૦૦૪ માં ૧૨૮ વર્ષના લાંબા ગાળા દરમ્યાન ઓછી વત્તી અસર થતી રહેલ. સુરત શહેરમાં આવેલા પુલ દરિયાની નજીકમાં હોવાથી ભરતી અને દરિયાઈ પવનોને કારણે આ પુલના લોખંડના સ્ટ્રકચરલ મેમ્બર્સને વર્ષ ૨૦૦૪ માં ૧૨૮ વર્ષના લાંબા ગાળા દરમ્યાન ઓછી વત્તી અસર થતી રહેલ.નહેરૂપુલ બંધાઈ ગયા પછી આ પુલનો ખાસ ઉપયોગ રહયો નથી તેમ છતાં આ પુલની કાયા પલટ કરવા વખતોવખત સૂચન થાય છે. ૧૯૭૫ ની આજુબાજુમાં આ પુલના સુપર સ્ટ્રકચરને "સેન્ડ બ્લાસ્ટીંગ " કરી રંગરોગાન કરવાનું સૂચન થયુ હતુ પરંતુ તે સમયે તે પાછળ રૂા.૨૦/૨૫ લાખનો અંદાજીત ખર્ચ થવાની ધારણા હોવાથી તે સૂચન પડતુ મુકવામાં આવ્યુ હતુ ત્યારપછી ૧૯૮૬ ની આસપાસ ખારાશ અને ભેજવાળા હવામાનને કારણે આ પુલના નબળા થયેલા સ્ટ્રકચરલ મેમ્બરને બદલીને નવા સ્ટ્રકચરલ મેમ્બર નાંખવાનું તથા જરૂરી અન્ય દુરસ્તી કરવાનું સૂચન થયુ હતું અને તે માટે આ પુલના સુપર સ્ટ્રકચરનું ઝીણવટભર્યુ ઈન્સ્પેકશન તથા લોડ ટેસ્ટ કરી પુલના રીપેરીંગ માટે તે પુલને હળવા વાહનો માટે ખુલ્લો મુકવા સારૂં ફીઝીબીલીટી રીપોર્ટ તૈયાર કરાવવામાં આવ્યો હતો અને એક અંદાજ મુજબ રૂા.૨૨૦ લાખ ખર્ચ થનાર હતો આ કામે ટેન્ડરો પણ મંગાવવામાં આવ્યા હતા તેમાં સોથી નીચુ ટેન્ડર રૂા.૩૦૮ લાખનુ હતુ અને સોથી ઉંચુ ટેન્ડર રૂા.૪૭૭ લાખનું હતું બીજી તરફ શહેરના વધતાં જતા વિકાસને કારણે વધતો જતો ટ્રાફિક અને વધતા જતાં વાહનોની સંખ્યા ધ્યાને લઈ નદી પર યોગ્ય જગ્યાએ નવા પુલો બાંધવાનું નકકી કર્યુ હતુ અને તેના ભાગરૂપે અઠવાગેટ નજીક પુલ બાંધવાની કાર્યવાહી સક્રિય રીતે હાથ ધરવામાં આવી હતી.

ઉપરોકત હકીકત હોય, અત્રેથી સીટી ઈજનેરના પત્ર તા.૫–૭–૯૭થી, આ પુલ જોખમી જણાતો હોય, આ બાબતે જરુરી નિર્ણય લેવા સ્થા.સ.સમક્ષ એક દરખાસ્ત રજુ કરવામાં આવેલ. આ બાબતે મા. સાધારણ સભા ઠ. નં. ૧૬૧૨/૯૭ થી પુલની ઐતિહાસિક વેલ્યુ ધ્યાને લઈ આ પુલને પ્રિઝર્વ કરવાનું તથા " સુરત ફર્સ્ટ" કાર્યક્રમમાંથી આ અંગે નાણાની સગવડ થઈ શકે કે કેમ? તે અંગે વિચારણા કરી મ્યુ.કમિશનરશ્રીએ ફરી દરખાસ્ત કરવાનુ ઠરાવેલ .

આ હોપ પુલની બાજુમાં ૧૯૬૬ માં નહેરૂ પુલ, ૧૯૯૨ માં અઠવાગેટ નજીક સરદાર પટેલ પુલ, ૧૯૯૬ માં મકાઈ પુલ નજીક સ્વામી વિવેકાનંદ પુલ તથા સીંગણપોર ન ક વિયર કમ કોઝવે બાંધવામાં આવેલ.

તેમ છતાં આજની તારીખે પણ ચોક બજાર નજીકના નહેરૂ પુલ પર ટ્રાફિકનું ખૂબ જ ભારણ રહેતુ હોય, વધુમાં અડાજણ ડેપો અને સેન્ટ્રલ બસ–સ્ટેન્ડ વચ્ચે અવરજવર કરતી ઘણી બસો પણ આ પુલ પરથી પસાર થતી હોઈ, પીક અવર્સમાં ભારે વાહનો માટેની અવરજવર માટેના પ્રતિબંધ રાખવામાં આવે છે. આમ છેલ્લા ૧૫ વર્ષમાં આટલા પુલો બાંધવા છતા, નહેરૂ પુલ પરના ટ્રાફિકનું ભારણ ખરેખર હળવુ થઈ શકયુ નહી. નહેરૂ પુલ શહેરના મુખ્ય રાજમાર્ગ સાથે સીધો જોડાયેલ હોય, ભવિષ્યમાં પણ આ પુલ પર ટ્રાફિકનું ભારણ વધતું જ રહેવાની પુરી શકયતા રહે છે. જે સંજોગોમાં આ નહેરૂ પુલને વહેલો મોડો પહોળો કરવાની તાતી જરૂરીયાત હતી.

ચોક બજાર નજીક તાપી નદી ઉપરનો હોપપુલ અંદાજે ૧૩૬ વર્ષ જેટલો જૂનો હોઈ, વર્ષો અગાઉ સને ૧૯૭૫ માં સરકારશ્રીએ તેને તોડવાનું / બંધ કરવાનું નકકી કરેલ હોઈ અને તેને પણ અંદાજે ૨૮ વર્ષ જેટલો સમય પસાર થઈ ગયેલ હોઈ, આ પુલ સલામતીના કારણોસર કાયમી ધોરણે બંધ કરવા સ્પષ્ટ અભિપ્રાય મળેલ.

ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં, હોપપુલની જગ્યાએ નવો પુલ તથા લોક લાગણીને માન આપનીને તેનું ઐતિહાસિક મુલ્ય જળવાય રહે તે રીતે જુના હોપપુલ જેવી બંને બાજુ લોખંડની ટ્રસવાળો, સીનીયર સીટીઝન બેસી શકે તે માટે FRP Sheet ના ડોમ તેમજ બેસવા માટે બાકડા, સુરતનાં હેરીટેજ સ્થાપત્યના ચિત્રો / ઈતિહાસ તથા તાપી માહાત્મ્ય દર્શાવતા બોર્ડથી શુશોભિત હેરીટેજ વોક–વે સહિતના ટુ લેન પુલનું આયોજન હાથ ધરવામાં આવેલ જે મુજબ અંદાજે ૭૦ કરોડ ના ખર્ચે પુલની કામગીરી પુરી થયેલ છે.

આ નવનિર્મિત બ્રીજની લોકાર્પણવિધિ માન.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા ની અધ્યક્ષતામાં **મા.મંત્રીશ્રી નાણાં,ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ,ખાણ અને ખનીજ, કુટિર ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ, છાપકામ અને લેખન સામગ્રી, આયોજન પ્રવાસન, નાગરિક ઉડ્ડયન, શ્રમ અને રોજગાર, ગુજરાત રાજય,માન.સૌરભભાઈ પટેલ ના** વરદ્દહસ્તે કરવામાં આવશે. જે પ્રસંગે જાહેર જનતાને ઉપસ્થિત રહેવા સ્નેહભર્યું નિમંત્રણ છે.

TOP

## પ્રેસ નોટ

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ની તા.૨૬/૦૩/૧૫ થી તા.૩૧/૦૩/૧૫ ના રોજ વિક્રમ સર્જક વેરા વસુલાત. છ દિવસમાં રૂા.૧,૭૯,૫૪,૫૨૮/– થી વધુની વેરા વસુલાત.

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ના જુદા જુદા વિસ્તારમાં તા.૨૬/૦૩/૧૫ થી તા.૩૧/૦૩/૧૫ ના રોજ વેરા વસુલાત ઝુંબેશ વધુ વેગવાન બનાવામાં આવેલ છે.વેરા ભરપાઈ કરવા બાબતે અત્રેના ઝોનના સ્લમ વિસ્તાર,માર્કેટ વિસ્તારમાં તથા રેસીડેન્સ જેવા જુદા જુદા વિસ્તારોમાં આકારણી અને વસુલાત વિભાગના કર્મચારીઓ અને મહેકમ વિભાગના કર્મચારી દ્વારા બાકી કરદાતાઓ પર સખ્તાઈ પુર્વક કામગીરી કરતા બધા કરદાતાઓએ સ્થળ પર જ વેરો ચુકવી દીધો હતો. માર્કેટ વિસ્તાર તથા ઈન્ડ્ર. વિસ્તારમાં કરદાતાઓએ ખુબ જ સારો પ્રતિભાવ આપી. બાકી વેરો તાકીદે ભરપાઈ કરી દીધો હતો. આજની તારીખ સુધીમાં લિંબાયત ઝોનના કર્મચારીઓએ ૮૭ દુકાનોને સીલ કરી,વસવાટ કરતા કરદાતાઓના ૪૮ નળ કનેકશન કાપી વેરા બાબતે કડકાઈ પુર્વક વસુલાત કરતા રૂા.૧,૭૯,૫૪,૫૨૮/– થી વધુની વિક્રમ સર્જક વેરા વસુલાત થયેલ છે.

આમ સને ૨૦૧૩–૧૪ ના વર્ષની કુલ વસુલાત ૮૨.૨૬% હતી. જેને વટાવી સને ૨૦૧૪–૧૫ ના વર્ષમાં લિંબાયત ઝોનએ ૮૩.૫૦% થી વધુ વેરા વસુલાત કરેલ છે.

TOP